"Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri"

ગી તા સા ર

લેખક : દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

શ્રીયુત અખંડાનંદની પ્રસાદી

પ્રસ્તુત સાહિત્ય પ્રવર્ધક કાર્યાલય

પદ્મ પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

ચાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

પ્રૌઢ શિક્ષણ માટે ઉપયોગી થાય તેવાં અને ઓછું ભણેલાંઓ પણ રસપૂર્વક વાંચી-સમજી શકે એવાં પુસ્તકોની યોજનાનાં નીચે પ્રમાણે ૧૮ પુસ્તકો હવે બહાર પડી ગયાં છે.

તમે એ પુસ્તકો વસાવ્યાં ન હોય તો આજે જ વસાવી લેવા બલામણ છે!

- દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** છે.
- અઢારે પુસ્તકો સામટાં લેનારને, રૂા. ૧૧-૪ ને બદલે **માત્ર રૂા. ૧૦)માં** મળશે.
- ટપાલ રસ્તે મંગાવનારે ટપાલખર્ચના રૂા. ૧-૮ વધુ એટલે કુલ રૂા. ૧૧-૮ મોકલવા.

૧. **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લેખક : કરસનદાસ માણેક
★ જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

૨. **રાખની ઢગલી :** (સચિત્ર) લેખક : 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ

૩. **હાસ્યતરંગ :** (સચિત્ર) લેખક : જ્યોતીન્દ્ર હ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ-લેખો

૪. **જીવનની કલા :** લેખક : રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન

૫. **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) લેખક : છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્‌ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય

૬. **જીવનપરિવર્તન :** (સચિત્ર) લેખક : 'સોપાન'
★ એક જીવનપલટાની કરુણ-મંગલ સળંગ વાર્તા

અનુસંધાન માટે જુઓ ટાઈટલ પાન ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

स्वाध्यायान्मा प्रमदः

ગીતા સાર

श्रुते शानाङ्क सूचिः
पुस्तक नं. २०१/८...
आगत ...२२१२...
२२३१२
तिथि ...२६-७-२००४
द्रष्टव्यः गुरुकुल पुस्तकालय कांगड़ी.

દત્તાત્રેય આત્મારામ કામેલકર

CHECKED 1973
Initial ...

ત્રિજી આવૃત્તિ
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠેઃ ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ચાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ : પહેલી
પ્રત : ૫૫૦૦

ॐ ओ३म् ॐ

पुस्तक-संख्या

पंजिका-संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वान्तः सुखाय

ગીતાનાં ભાષાંતરો ઘણાં થયાં છે. દુનિયાની ઘણી ખરી ભાષાઓમાં ગીતાનાં ભાષાંતરો મળે જ છે. ગીતાનો અર્થ અને ભાવ સમજાવનારાં ભાષ્યો અને નિબંધોની પણ અછત નથી. એ બધાં ઘણાં ઉપયોગી છે. ગીતામાં જે ટૂંકામાં કહ્યું છે, તે વધારે સારી રીતે સમજવા માટે એમાં વિસ્તાર કરેલો હોય છે; પણ સાતસો શ્લોકોમાં ગીતાએ જે કહ્યું છે, તે સહેલી ભાષામાં અને ઓછામાં ઓછા શબ્દોમાં જો મળે તો ગીતાના અર્થના મનન માટે એનો ઘણો ઉપયોગ થાય. એવા પ્રયત્નો પણ નથી થયા એમ નથી. શ્રીરામકૃષ્ણ પરમહંસે તો એવા પ્રયત્નની અવધિ કરી. એમણે કહ્યું કે "ગીતા" શબ્દના અક્ષરો ઉલટાવો એટલે તાગી–એટલે જ ત્યાગી–થઈ જાય છે. 'ત્યાગ કરતાં શીખો એટલે તમારી ઉન્નતિ થશે.' ગીતામાં જે લખ્યું છે, તે બધું આમાં આવી જાય છે.

ગીતામાહાત્મ્યમાં બીજ, અર્ગલા, કીલક વગેરે માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે ગીતાની જ અમુક લીટીઓ પસંદ કરેલી છે. એમાં પણ એક રીતે ગીતાની પ્રમુખ શિખામણ આવી જાય છે.

આખું ભાગવત જેમ કોકે ચાર શ્લોકોમાં આણ્યું છે, તેમ ગીતા પણ કોકે એના સાત શ્લોકોમાં આવી ગયાનું જોયું જ છે.

ગાંધીજીએ આશ્રમવાસીઓની સગવડ ખાતર ગીતાના અઢારે અધ્યાયોનો સાર "ગીતાબોધ"ને નામે આપ્યો છે.

અને જ્યારે ગીતાના એમના ગૂજરાતી ભાષાંતર માટે એમની પાસેથી મેં એક નામ માગ્યું, ત્યારે એમણે એવું તો સુંદર નામ આપ્યું, કે એની અંદર ગીતાની મુખ્ય શિખામણ આખાદ રીતે આવી જાય છે–અનાસક્તિયોગ. ગીતા એ જીવનયોગ છે. જીવનં કેમ જીવવું, એની કળા ઉપપત્તિ સાથે ગીતા આપણને શીખવે છે. એ કળાની બધી ખૂબી અનાસક્તિમાં આવી જાય છેઃ–આસક્તિનો ત્યાગ કરો એટલે જીવનની સફળતા પ્રાપ્ત થશે.

જે વસ્તુ રામકૃષ્ણ પરમહંસે એક રીતે નિચોવી આપી, એ જ વસ્તુ મહાત્માજીએ વધારે સ્પષ્ટ રૂપે આપણી આગળ મૂકી છે.

ગીતાનો સાર કાઢવાનો મારો આ પ્રયત્ન નોખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને તે નમ્ર છે. ગીતાનાં ભાષાંતરોમાં ગીતાની શૈલીને વળગવું જ પડે છે. અને તેથી ગમે તેટલી સહેલી ભાષા વાપરી હોય તો યે અમુક અઘરાપણું એમાં આવી જ જાય છે. ગાંધીજીએ પણ આ બિનાનો ઉલ્લેખ એક ઠેકાણે કર્યો છે.

ગીતાનો અર્થ કરતી વખતે એક એક અધ્યાય પૂરો થયા પછી એ અધ્યાયમાં આપણને શું મળ્યું એ તપાસી, એ મુદ્દાઓ પોતાની જ ભાષામાં લખી રાખવાનો પ્રયત્ન મેં કર્યો. જ્યાં વિશેષ ધ્યાન ખેંચાયું ત્યાં થોડોક વિસ્તાર કર્યો. જ્યાં ટૂંકાણ કરવાથી મુદ્દો વધારે ધ્યાનમાં ઠસે એમ લાગ્યું ત્યાં તેમ કર્યું છે. આમ કરતાં કેટલાક મહત્ત્વના મુદ્દાઓ રહી પણ ગયા હશે; પણ તે એક યા બીજે ઠેકાણે કોઈ ને કોઈ રૂપમાં આવી જ ગયા છે એટલી ખાતરી કરી લીધી.

આ મુદ્દાઓ પોતાની જ ભાષામાં મૂકવાનો પ્રયત્ન કર્યા છતાં કેટલેક ઠેકાણે–ઘણે ઠેકાણે ગીતાની જ ભાષા આવી ગઈ છે; એનો ઇલાજ ન હતો. ગીતાની ભાષા એટલી તો સચોટ, જીવતી અને સોંસરી છે, કે એક વાર એનો પરિચય થયો કે એની પકડ કેમે કરી છૂટતી જ નથી. ગીતાનું વક્તૃત્વ છે જ અમોઘ.

જેમણે મૂળ ગીતાનો એક્કે વાર અભ્યાસ કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, એમને માટે આ ગીતાસાર નથી, પણ જેમણે એ પ્રાણવાન ગ્રંથ એકવાર પણ ધ્યાનપૂર્વક વાંચ્યો છે, તેમને ગીતાના સિદ્ધાંતો ફરીફરી યાદ કરવા માટે અને એમનું મનન કરવા માટે આ સાર કામ આવશે. જેમણે ગીતા વાંચી નથી, તેમને માટે ગીતાસારનું વાંચન વ્યર્થ જ છે એમ ન કહેવાય. આમાં આપેલા મુદ્દાઓ સળંગસૂત્ર વાંચવા જેઈએ એમ પણ નથી. આ નાનકડી ચોપડી ગજવામાં રાખી હોય, મુસાફરીમાં સાથે લીધી હોય અને નવરાશને વખતે અથવા મૂંઝવણને વખતે આનાં પાનાં ફેરવ્યાં હોય, તો આમાંથી મૂંઝવણનો ઉકેલ અથવા જીવનને પ્રેરણા મળ્યા વગર રહે નહિ. જેમને અંતર્મુખ થઈ પોતાનું જીવન તપાસવાની ટેવ પડી છે, જેઓ પોતાની ચિત્તવૃત્તિ અને લાગણીઓ ઉત્તરોત્તર શુદ્ધ કરવા માગે છે, તેમને તો આ ગીતાસાર કસેટીના પથ્થર જેવો નીવડશે–હૃદયનો મેલ કાઢી નાખનાર તેજાબ જેવો નીવડશે.

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતાસાર

ગીતા જીવનસિદ્ધાંતોનો સારગ્રંથ છે. તેમાંથી જે વિશેષ બોધ મળે છે તેનો અહીં સંગ્રહ કરવામાં આવે છે.

અધ્યાય ૧ લો અને ૨ જો

(૧) ગીતાના પ્રારંભમાં દુર્યોધન અને અર્જુન પોતપોતાના ગુરુઓ પાસે જઈ પોતાનું હૃદય ઠાલવે છે. દુર્યોધન મદર્થનો–પોતાના જ સ્વાર્થનો વિચાર કરે છે. અર્જુન સગાવહાલાઓના અર્થનો–એટલે કે હિતનો–વિચાર કરે છે. (યેષામર્થે) દુર્યોધન મહાભારતના શબ્દોમાં મન્યુદ્રુમ (અભિમાન, બડાઈ અને ક્રોધનો જ જાણે વૃક્ષ) છે, જ્યારે અર્જુન શ્રદ્ધાદ્રુમ (વિશ્વાસ, નિષ્ઠા, નમ્રતા અને શરણાગતિનો વૃક્ષ) છે. મન્યુદ્રુમ દુર્યોધન સંકટ સમયે પોતાના આચાર્યને જ ઉપદેશ કરવા લાગ્યો. ભક્તિદ્રુમ અર્જુન ધર્મજીજ્ઞાસુ થઈ શ્રેયને માટે પોતાના ગુરુને શરણ ગયો.

એકનો નાશ થયો, બીજાનો ઉદ્ધાર.

(૨) ભગવાને અર્જુનને જીવનનું રહસ્ય અને એની કૃતાર્થતા સમજાવતા પહેલાં સૌથી અગત્યની મુખ્ય વસ્તુ પ્રારંભમાં જ કહી દીધી કે—

જીવનસિદ્ધિમાં આડે આવનાર મોટામાં મોટી ખામી તે હૃદયદૌર્બલ્ય છે. આર્યપુરુષને એ છાજતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણ અને કીર્તિ બન્નેનો એથી નાશ થાય છે. હૃદય-દૌર્બલ્ય કરતાં વધુ પાપ બીજું શું હોઈ શકે?

(૩) હૃદય દૌર્બલ્ય દૂર કરવા માટે ઉત્તમ ઓસડ છે આત્મજ્ઞાન. તે જ વિગતવાર સમજાવવા માટે ભગવાને અર્જુન સાથે સંવાદ ચલાવ્યો. જેની શરૂઆતમાં જ ભગવાન કહે છે: આત્મા અમર છે. તે અનેક જન્મ અને અનેક શરીર ધારણ કરતાં છતાં પોતે અવિકારી રહે છે.

જન્મ મરણની ઘટમાળ ચાલુ જ છે. તેથી પણ જન્મ મરણનું સુખદુઃખ ડાહ્યા માણસે ન માનવું જોઈએ.

(૪) જન્મ અને મરણ બન્ને અપરિહાર્ય છે. સુખ-દુઃખ પણ અપરિહાર્ય છે. તેમનો શોક વ્યર્થ છે, કેમ કે જીવનસિદ્ધિ બન્નેમાંથી એકે પર અવલંબેલી નથી.

(૫) આત્મા અને શરીર બન્ને સાથે રહેવા છતાં બન્નેના ધર્મ એકબીજાથી જુદા છે.

(૬) દેહની ચિંતા કરવા જેટલી એની કિંમત નથી.

(૭) સુખ તથા દુઃખ બન્નેની નૈતિક કિંમત નજીવી છે. ધર્મનિર્ણય કરતી વખતે બન્નેનો જરા સરખો પણ વિચાર ન કરવો જોઈએ.

(૮) ધર્મપાલન કરતાં જે યુદ્ધ આવી પડે છે —પ્રાપ્ત થાય છે, તે નિર્દોષ છે; સ્વર્ગ્ય છે.

(૯) આર્ય લોકો મૃત્યુથી ડરતા નથી, અકીર્તિથી ડરે છે.

(૧૦) કર્મ કરતી વખતે તેથી ઉત્પન્ન થનાર સુખ-દુઃખ, લાભઅલાભ, જયપરાજય બધાનો ખ્યાલ છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવો જોઈએ. આ પ્રમાણે નિર્મોહ અનાસક્ત થઈ કર્મ કરવાથી પાપ લાગતું નથી; અર્થાત્ આવી વૃત્તિવાળા માણસને હાથે પાપ થઈ શકતું જ નથી. કેવળ ધર્મનો જ વિચાર કરી કરેલું કર્મ નિષ્પાપ જ હોઈ શકે છે.

(૧૧) આવું નિષ્પાપ ધર્માચરણ ભલે અલ્પ હોય, પણ તેની શક્તિ મહાન છે: મહાન ભયમાંથી તે ઉગારી લે છે.

(૧૨) ધર્મપરાયણ નિશ્ચયયુક્ત મનુષ્યના જીવનમાં દુવિધા (દુવિધા) હોતી નથી.

(૧૩) વિષયોપભોગના તેમ જ ઐશ્વર્યના લોભથી તેમ જ મદથી બુદ્ધિ મલિન થાય છે, નિશ્ચયપણે ધર્મજ્ઞાન નથી થતું, અને ચિત્ત હમેશ અસ્વસ્થ તેમ જ વ્યગ્ર રહે છે.

(૧૪) નવીનવી કમાણી કઈ રીતે હું કરું અને કમાયેલું કઈ રીતે અવેરી રાખું, આ જ ચિંતામાં જે ફસાયેલો છે તે આત્માને ઓળખી શકતો નથી.

(૧૫) કર્મનાં ફળ અનંત છે અને તેમની વ્યવસ્થા પણ આપણા હાથમાં નથી; તેથી ન તો કર્મનો ત્યાગ કરવો જોઈએ, ન તેનાં ફળોનો આગ્રહ અથવા લોભ રાખવો જોઈએ.

(૧૬) કર્મ માત્ર હૃદયસ્થ ભગવાનને સંતોષવા–ધર્મભાવના કૃતાર્થ કરવા–કરવું જોઈએ; પછી ભલે તેનું ફળ મળે કે ન મળે. કર્મ સફળ થાઓ અથવા નિષ્ફળ, આપણે આપણી ફરજ બજાવી શક્યા એ જ સંતોષ છે, એવી વૃત્તિ રાખવી જોઇએ.

(૧૭) ચિત્તવૃત્તિની સમતા એ જ યોગ છે. આત્માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિષ્ઠા આગળ નફોતોટો નગણ્ય વસ્તુ છે. ફળનો લોભ રાખવો કૃપણોનું, પામરોનું કામ છે.

(૧૮) આવી સમતા પ્રાપ્ત કરવાથી જ દરેક જાતનું કર્મ યોગ્ય રીતે કરવાની કુશળતા પ્રાપ્ત થાય છે.

(૧૯) જીવનમાં તટસ્થ ભાવ રાખી ધર્મપ્રાપ્ત કર્મ કરવું એ જ કર્મની ખૂબી છે, કર્મયોગની ચાવી છે.

(૨૦) બુદ્ધિનાશ થયો તો સર્વનાશ થયો; તેથી માણસે ગમે તે પ્રયત્ને પોતાની બુદ્ધિની શુદ્ધતા જાળવવી જોઈએ.

જે સ્થિર બુદ્ધિવાળો પુરુષ છે, તે જ ઉત્તમ પુરુષ છે. તે બધા લોભનો ત્યાગ કરે છે. બાહ્ય પ્રતિષ્ઠાનો તે ભૂખ્યો નથી હોતો. પોતાના મહત્ત્વને તે ઓળખે છે; તેથી સુખદુઃખો તેને ચળાવતાં નથી. અનુરાગ, ભય અને ક્રોધ તો તેની પાસે આવતાં જ નથી.

(૨૧) વિષયભોગ બરજોરીથી દૂર કરવાથી વિષય-સેવનને આપણે અળગા કરી શકીએ છીએ. વિષયની ઇચ્છા–તેનો રસ–તો રહી જ જાય છે. જ્યારે સર્વશ્રેષ્ઠ તત્ત્વનો સ્વાદ ચાખીએ છીએ, ત્યારે જ વિષયોના રસ પોતાની મેળે નષ્ટ થઈ જાય છે.

(૨૨) ઇંદ્રિયો જબરી છે; જોરથી મનને ખેંચે છે, વિષય તરફ લઈ જાય છે અને બુદ્ધિને ભ્રષ્ટ કરે છે.

(૨૩) આવી ઇંદ્રિયોને રોકવાથી જ બુદ્ધિ ઠેકાણે રહે છે.

(૨૪) મનુષ્યના અધઃપાતનો ક્રમ આ પ્રમાણે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાચારની કદર રાખનાર મનુષ્ય પોતાને હાથે કુકર્મ ન થાય એટલા માટે પોતાના શરીરને તો ખૂબ સંભાળે છે, પણ મનને મનમાં જ વિષયોનું આનંદપૂર્વક ધ્યાન કરવા દે છે. ધ્યાન કરવાથી મન વિષયોમાં ચોંટે છે. આમ મન વિષયોમાં પરોવાવાથી વિષયસેવનની ઇચ્છા જાગ્રત થાય છે. અને ઇચ્છા જ કામવિકાર છે. જ્યારે આવી ઇચ્છાથી પ્રેરાયેલું મન દુનિયા પ્રત્યે કામની દૃષ્ટિએ જુએ છે, ત્યારે ઇચ્છાવિરોધી કે ઇચ્છાને પ્રતિકૂળ સ્વાભાવિક ઘટના કે વસ્તુઓ ઉપર પણ એને ક્રોધ આવે છે. ક્રોધથી યોગ્ય-અયોગ્ય પારખવાની વિવેકશક્તિ નષ્ટ થઈ જાય છે, પોતાની સ્થિતિનું અને કર્તવ્યનું ભાન નથી રહેતું, આમ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને અંતે એનો વિનાશ થાય છે.

(૨૫) રાગદ્વેષનો ત્યાગ કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે, બધાં દુઃખો દૂર થાય છે અને બુદ્ધિ નિર્મળ થઈ સ્થિર થાય છે.

(૨૬) જેણે પોતાના મનની સામ્યાવસ્થા ગુમાવી છે, તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, ભાવના નષ્ટ થાય છે; તે બેચેન રહે છે.

(૨૭) દુનિયાભરના સામાન્ય લોકો તો આવા હોય છે. યોગીઓનો માર્ગ આથી ઊલટો હોય છે. જે બાબતમાં સંસારી લોકો કુશળ અને જાગ્રત રહે છે, તે બાબતમાં યોગીઓ ઉદાસીન રહે છે, બેપરવા રહે છે; અને જે વિષે લોકો ગાફેલ રહે છે, તે બાબતમાં યોગીઓ હંમેશાં જાગ્રત રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩ જો

(૨૮) સમુદ્રમાં ગમે તેટલી નદીઓ આવી મળે, તોપણ તે ફુલાતો નથી, માઝામાં જ રહે છે. આ જ રીતે કામો પ્રત્યે, વાસનાતૃપ્તિ પ્રત્યે જે કેવળ ઉદ્દાસીન રહે છે, તેને જ શાંતિસુખ પ્રાપ્ત થાય છે; વાસનાથી વિહ્વળ થયેલાને નહિ જ.

(૨૯) પણ બાહ્ય ત્યાગથી કશું વળતું નથી. બહારથી બધાનો ત્યાગ કર્યો અને અંતરમાં વિષયોનું ધ્યાન રહ્યું તો તેથી કશો લાભ નથી. એવો આચાર મિથ્યા હોય છે, એટલે કે નિષ્ફળ થાય છે; તેવું સંન્યાસાદિ આચરણ વ્યર્થ છે.

(૩૦) સમાજવ્યવસ્થા જાળવવી, તેને ક્ષીણ થવા કે બગડવા ન દેવી, આ જ યજ્ઞ છે. યજ્ઞનો પરિષ્કાર ન થયો હોત, તો દુનિયા ક્યારનીયે બગડી જાત. યજ્ઞના ઉદ્દેશથી કરવામાં આવેલું કર્મ સમાજવ્યવસ્થા માટે, વિશ્વવ્યવસ્થા માટે જરૂરી છે. અંગત સ્વાર્થનો ત્યાગ કરી તે કરવું જોઈએ.

(૩૧) બધાના ભલા માટે જે કર્મ કરવામાં આવે છે, બગડેલી પરિસ્થિતિને સુધારી પૂર્વ સ્થિતિએ લાવવા માટે જે પ્રવૃત્તિ કરવામાં આવે છે, તે બંધનકર્તા નથી, કારણ કે તેમ કરવામાં કરનારનો અંગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાર્થ કે અહંકાર નથી. સંકુચિતતા પોતાના સ્વાર્થ-ને લીધે જ આવે છે.

(૩૨) સમુદ્ર આકાશને પાણી આપે છે, આકાશ પર્વતને વરસાદ આપે છે અને એ વરસાદ પર્વતમાંથી વહી નદીઓના રૂપમાં સમુદ્રને મળે છે. આ પ્રમાણે આ પરસ્પરાવલંબનનું ઘટના-ચક્ર ચાલતું રહે છે.

(૩૩) બધાનું હિત સાધતાં સહેજે આપણું જે હિત સધાય છે તે જ હલાલ એટલે કે ધર્મ્ય છે.

(૩૪) જે સમાજની સેવા લે છે, બીજાના ભલાપણા-નો લાભ લે છે, પણ પોતે કોઈની સેવા નથી કરતો, ભલાઈ બતાવતો નથી, તે ચોર છે.

(૩૫) સ્વાર્થથી મોટું પાપ નથી. સ્વાર્થ એટલે સમાજદ્રોહ અને આત્મદ્રોહ પણ.

(૩૬) બે પ્રકારના લોકો હોય છે: આત્મરતિ અર્થાત્ આત્મારામ અને બીજા ઇંદ્રિયારામ. ઇંદ્રિયારામનું જીવન વ્યર્થ છે. આત્મારામનું જીવન કૃતાર્થ છે.

(૩૭) નિરપેક્ષ વૃત્તિ-અનાસક્તિ અખંડ રહે. સદાને માટે હોય તો જ તે સિદ્ધ થઈ ગણાય.

(૩૮) શ્રેષ્ઠ માણસનું અનુકરણ બધા કરે જ છે. સમર્થને બધા અનુસરે છે. આર્ય પુરુષના આચરણ વડે જ પ્રાકૃત લોકો ધર્મપાલનની શક્તિ સમજી શકે છે અને તેને કબૂલ રાખે છે. તેથી મોટાઓની જવાબ-દારી મોટી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાર્થ, અહંકાર આ મોટો જ્વર છે. આત્મ-પરાયણતા, આધ્યાત્મિક જીવન આ આરોગ્ય છે. રોગી દશા દૂર કરી કર્મ કરવું જોઈએ.

(૩૯) કુદરતનો પ્રવાહ એકસરખો શુભ હોતો નથી, ચોરી કરવી પણ સ્વભાવ છે અને પરોપકાર કરવો પણ સ્વભાવ છે. ઇંદ્રિયો સ્વાભાવિક રીતે પોતાના ભોગ માગે છે. પણ દરેક પ્રવૃત્તિ કેવળ સ્વભાવ છે એટલા માટે તેમને વશ રહેવું એ સારું નથી. આત્માના સ્વભાવને વશ રહેવું જોઈએ. આત્મા માલિક છે. વિષયવાસના માર્ગના લૂંટારાઓ છે.

(૪૦) વિશિષ્ટ પરિસ્થિતિમાં આત્મોન્નતિને અનુકૂળ એવો એક જ માર્ગ રહે છે. તે જ સ્વધર્મ છે. તેનો ત્યાગ કરી બીજું કાર્ય સહેલું કે રુચતું જોઈ કરવું જોખમભરેલું છે.

(૪૧) અર્જુન પૂછે છે:—મનુષ્ય પાપને ઇચ્છતો નથી છતાં પાપ કરે છે, આનું કારણ શું? કોની પ્રેરણાથી, ખેંચાણથી લાચાર બની મનુષ્ય પાપમાં પડે છે?

ભગવાન કહે છે:—તે શત્રુ એક જ છે. એક બાજૂએ જોતાં તે કામ, વાસના કે ઇચ્છાના રૂપમાં નજરે પડે છે. બીજી બાજૂએ જોતાં તે ક્રોધ, દ્રોહ, ઇર્ષ્યા, મત્સર, અસૂયાના રૂપમાં જણાય છે. મૂળ ખેંચાણ તો એક જ છે. અનુકૂળતા જણાતાં કામ અને પ્રતિકૂળતાના અનુભવ-થી ક્રોધ, આ તેનાં બે મોઢાં છે. આ દુશ્મને બધું બગાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યું છે. અગ્નિને ધુમાડો વીંટળાઈ વળે તેમ એણે જ્ઞાનને ઘેરી લીધું છે. આ દુશ્મનને ઓળખી મારવો જોઇએ.

(૪૨) આત્મારૂપી રાજા શરીરરૂપી પોતાના કિલ્લામાં બેઠો છે પણ વાસનારૂપી દુશ્મનના હાથમાં એ કિલ્લો જવાથી રાજા કેદી બન્યો છે. કિલ્લાની એકેએક દીવાલ શત્રુના હાથમાંથી કળજે કરી રાજાને છોડાવવો જોઈએ. રાજાને આપવાના કર આ દુશ્મનના સિપાહીઓ લઈ જાય છે. આપણી ગફલતને કારણે, આપણી રાજનિષ્ઠાનો લાભ રાજાને ઘેરી વળેલા ચોરોને ન મળવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪ થો

(૪૩) રાજાને છોડાવવાનો આ પ્રયત્ન એક જન્મનો નથી. એક જન્મ તો જાણે નાટકનો એક જ અંક છે. તેમાં કથા–વસ્તુનો પૂરો પરિપાક નથી થતો.

(૪૪) ભગવાને મનુષ્યના વિકાસ માટે અસંખ્ય જીવન આપ્યાં છે અને મનુષ્યનો ઉદ્ધારક સાથ રાખવા માટે પરમાત્મા પોતે પણ અસંખ્ય વાર દેહ ધારણ કરે છે. મનુષ્ય અલ્પજ્ઞ હોવાથી આ જાણતો નથી, પરમાત્માથી કોઈ ભેદ છૂપો નથી. એની આગળ બધું ઉઘાડું છે.

(૪૫) આમ તો આખી સૃષ્ટિ પરમાત્માનો આદ્ય અવતાર છે. પ્રાણી માત્ર તેનું જ રૂપ છે, પણ જ્યારે-જ્યારે સમાજમાં જડતા, શિથિલતા અથવા વિકૃતિ વધી જાય છે, લોકોની શ્રદ્ધા નષ્ટ થઈ જાય છે, સજ્જનતા દોષરૂપ જણાય છે, ત્યારે ત્યારે સમાજને બચાવવા અને માણસાઈની પુનઃસ્થાપના કરવા પરમાત્મા પોતે વિશેષ શક્તિશાળી વ્યક્તિનું રૂપ ધારણ કરે છે. અને નીચે આવી લોકોમાં વિચરે છે. આનું નામ તે 'અવતાર'.

(૪૬) સદ્વાસનાઓનું રક્ષણ કરવું, દુર્વાસનાઓનો નાશ કરવો અને ધર્મરહસ્યની તેમજ ધર્મનિષ્ઠાની માનવહૃદયમાં સ્થાપના કરવી, એ જ આવા અવતારોનો સનાતન ઉદ્દેશ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪૭) ઈશ્વર પાસે જવાના માર્ગ અસંખ્ય છે, અનંત છે. ઈશ્વરને માર્ગો સાથે નિસ્બત નથી. શરણે આવનાર જોડે કામ છે. ભક્ત જે નામે પોકારે છે, તે નામે પરમાત્મા જવાબ આપે છે. નામ યથાર્થ છે કે નહિ, તે પરમાત્મા જોવા નથી બેસતો. બધાં નામો માણસનાં રાખેલાં હોઈ અપૂર્ણ જ છે, અયથાર્થ છે; તોપણ પરમાત્મા સર્વજ્ઞ હોઈ, અંતર્યામી, હૃદયજ્ઞ હોઈ બધાં નામોનો સ્વીકાર કરે છે. બધા માર્ગોને અન્તે તે જ અનંત ઊભો છે. ગમે તે માર્ગે જાઓ–જલદી અથવા ધીમેથી–તેની પાસે જ પહોંચી જશો.

(૪૮) વ્યક્તિનો સ્વભાવ અને પરિસ્થિતિ જેમ ઈશ્વરનાં આપેલાં છે, તેમ જ સામાજિક વ્યવસ્થા, સામાજિક પરંપરા અને સામાજિક પ્રેરણા પણ ઈશ્વરપ્રેરિત જ છે. માનવસ્વભાવમાં ગુણ અને કર્મ જ પ્રધાન છે. આ બન્નેની વ્યવસ્થા માટે પરમાત્માએ તે અનુસાર સમાજવ્યવસ્થાનું બીજ પેદા કર્યું છે.

(૪૯) કર્મ કોઈને નુકસાન નથી કરતું; નુકસાન કરે છે કર્મની પાછળ રહેલી ફળો પ્રત્યેની વાસના. સંકલ્પનો નાશ થયો તો પાપપુણ્ય પણ ગયાં. સ્વાર્થ જ પાપ છે. સંકુચિતતા પાપ છે. સૃષ્ટિવ્યવસ્થાનું વાસ્તવિક જ્ઞાન થયું અને તે ગળે ઊતર્યું કે કર્મનું બીજ બળી જાય છે; તેનું બંધન રહેતું નથી.

(૫૦) માટે કર્મ કરતી વખતે આસક્તિનો ત્યાગ હોય, વાસનાથી મુક્તિ હોય, બુદ્ધિ જ્ઞાનમાં સ્થિત હોય અને યજ્ઞનો ઉદ્દેશ હોય તો આવી અવસ્થામાં કર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા છતાં પણ તેનું બંધન નથી રહેતું.

(૫૧) દુનિયાના લોકો ભોગો ભોગવી દુનિયાને બગાડી મૂકે છે. આ બગાડને સુધારવો એ પ્રથમ કર્તવ્ય છે. તે પૂર્ણ કર્યા પછી જે કંઈ પ્રવૃત્તિ કરીએ તે જ નિષ્પાપ છે, તે જ અમૃતભોજન છે. પ્રથમ દેવું પતવી નાંખો. દેવું પતાવ્યા પછી જે કંઈ બાકી રહે તે ભોગવી લો. આ જ સજ્જનોનો માર્ગ છે. જે લોકો ઋણમુક્ત થવાના ઉદ્દેશથી કરવો જોઈતો યજ્ઞ નથી કરતા, તેમને નથી આ લોકમાં સફળતા કે નથી પર-લોકમાં પ્રતિષ્ઠા.

(૫૨) દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે.

(૫૩) કર્મની સફળતા. કર્મની કૃતાર્થતા જ્ઞાન-પ્રાપ્તિમાં છે. અન્નાહારથી શરીરમાં લોહી તૈયાર થાય છે, લોહીથી શક્તિ આવે છે અને તે જ શક્તિ વડે નવું અન્ન પચે છે. આ જ પ્રમાણે કર્મનો પરિપાક જ્ઞાનમાં થાય છે. જ્ઞાન એટલે અનુષ્ઠાન, જ્ઞાન એટલે સદાચાર. જ્ઞાન કેવળ વિચારરૂપ નથી, આચારરૂપ છે. સિદ્ધ આચાર જ જ્ઞાન છે.

(૫૪) જ્ઞાનનો માર્ગ સમજવા માટે જ્ઞાનીઓ પાસે જવું જોઈએ. તેમને શરણે જઈ તેમને અનેક રીતે સંતુષ્ટ કરી, તેમના સહવાસમાં વસી, અનેક પ્રશ્નો પૂછી, તેમના જીવનનું નિરીક્ષણ કરી, તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. આવા જ્ઞાનનો સાક્ષાત્કાર થયા પછી કાર્યાકાર્યની શંકા રહેતી નથી.

(૫૫) પાપ ગમે તેટલું બળવાન હોય, તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની શક્તિ પરિમિત છે. જ્ઞાન આત્મસ્વરૂપ હોવાથી તેની શક્તિ અનંત છે; તેથી પાપનો સદા પરાભવ જ થાય છે. પાપ-સાગરને તરી જવા જ્ઞાનરૂપી હોડી પર્યાપ્ત છે.

(૫૬) ભગવાન કહે છેઃ-તમે ગમે તેટલા પાપી હો, પણ નિરાશ ન થશો. જ્ઞાનની મદદથી તમારો બેડો પાર થશે. ઇંધનોનો ભલે ડુંગર જેવડો ઢગલો હોય, પણ તેને અગ્નિની ફક્ત એક ચિનગારી બાળીને ખાક કરી નાંખશે. બધાં કર્મોને બાળનાર શક્તિ જ્ઞાન જ છે. ચિત્તને યોગયુક્ત કરવાથી તે જ્ઞાન પોતાની મેળે જ સમય આવ્યે ઉત્પન્ન થાય છે.

(૫૭) જે જ્ઞાનની પાછળ પડ્યો છે, જેણે ઇંદ્રિયોને રોકી તેમની દખલગીરી બાદ કરી છે અને જેનામાં શ્રદ્ધા છે તેને જ્ઞાન જરૂર પ્રાપ્ત થાય છે. અને જ્ઞાન વડે જ સાચી અને ચિરંતન શાંતિ મળી શકે છે.

(૫૮) જે અજ્ઞાની છે, જેની પાસે શ્રદ્ધા નથી અને જે હંમેશાં સંશયથી ઘેરાયેલો છે, તેનો તો નાશ જ છે. સંશયાત્મા અખંડ દુઃખમાં રહે છે. તેનો આ લોક પણ બગડે છે અને પરલોક પણ ખોવાય છે.

(૫૯) અજ્ઞાનમાંથી સંશય ઉત્પન્ન થાય છે અને તે હૃદયને બાળી તેને કોતરી ખાય છે. તે અજ્ઞાનનો નાશ કરી સંશય દૂર કરવો અને પ્રાપ્ત કર્તવ્ય માટે તૈયાર થઈ જવું, એ જ પરમ પુરુષાર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૫ મો

(૬૦) કમળ પાણીમાં રહેવાથી પાણીને કારણે પ્રફુલ્લ પ્રસન્ન રહે છે, તોપણ તેને પાણીનો સ્પર્શ થતો નથી. આ જ પ્રમાણે કર્મયોગી કર્મ કરવા છતાં, કર્મ દ્વારા ઉન્નતિ સાધવા છતાં, કર્મથી બંધાતો નથી, કારણ કે તે જે કંઈ કરે છે તે બ્રહ્માત્મબુદ્ધિથી કરે છે.

(૬૧) કર્મફળ ઈશ્વરાર્પણ કરવાથી આપણે તેમાંથી મુક્ત રહીએ છીએ. ઈશ્વર પણ લોકોનું પાપપુણ્ય લેતો નથી. પ્રભુ કર્મના પ્રપંચમાં પડતો જ નથી; સ્વભાવ અથવા પ્રકૃતિ બધું કરે છે.

(૬૨) આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન ક્યાં ય બહારથી લાવવાનું નથી હોતું. જ્ઞાન ઉપર અજ્ઞાનનું આવરણ આવવાથી જ માણસ દુઃખી થાય છે. એ આવરણ દૂર કર્યું એટલે જ્ઞાન પ્રકટ છે જ.

(૬૩) બધે એકતાનાં દર્શન કરવાં એ જ જ્ઞાનનું ઉત્તમ લક્ષણ છે. જેમાં આવું જ્ઞાન પરિણત થયું છે તે સમદર્શી છે.

જ્ઞાન અને ચારિત્ર્યયુક્ત કોઈ બ્રાહ્મણ હોય, જનહિતકારી પવિત્ર ગાય હોય, રાજવૈભવનો દ્યોતક મહાન ગજરાજ હોય, અથવા અકારણે અપવિત્ર ગણાયેલો કૂતરો હોય; પંડિતોની દૃષ્ટિમાં બધાં સરખા છે. વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

20 N/25 22392
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો શું કહીએ? કૂતરાનું માંસ રાંધી ખાનાર ચંડાલને પણ પંડિતો એ જ સમાન દૃષ્ટિએ જુએ છે.

(૬૪) પરબ્રહ્મ પોતે દોષરહિત અને સમાનતાવાળું છે; માટે જે માણસ નિર્દોષ અને સમદ્રષ્ટા થયો તેણે જીવતાં મોક્ષ પ્રાપ્ત કર્યો, તે બ્રાહ્મી સ્થિતિમાં સ્થિર થયો.

(૬૫) શરીરના ભોગો ક્ષણભંગુર છે, અસ્થાયી છે અને દુઃખપરિણામી છે. ઇંદ્રિયો દ્વારા મળતાં જેટલાં સુખો છે તે પરિણામે દુઃખ આપનારાં છે. અને દુઃખ ન થાય તોપણ સુખનો તો અંત થનાર છે જ. આ ખ્યાલથી સુખમાં દુઃખ ભળી જાય છે. આ સ્થિતિમાં શાણો માણસ સુખની પાછળ શા માટે પડે?

(૬૬) ઋષિ લોકો ઇંદ્રિયોનું દમન કરી નિષ્પાપ બને છે અને પછી પોતાનું સમગ્ર જીવન લોકકલ્યાણમાં જ ગાળે છે.

(૬૭) ઇચ્છા, ભય અને ક્રોધનો જેણે ત્યાગ કર્યો છે તે સદાને માટે મુક્ત છે.

(૬૮) ત્રણે લોકોનો સ્વામી, યજ્ઞ અને તપનો ભોક્તા છે. તેની પાસે પક્ષપાત નથી. બધાં પ્રાણીઓનો તે સમાન સુહૃદ છે, એકસરખો મિત્ર છે.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬૯) માણસ પોતે જે કરશે તેટલું જ તેને માટે છે. પોતે જ પોતાનો શત્રુ અને પોતે જ પોતાનો મિત્ર છે. બીજાથી આપણું નુકસાન થઈ થઈને કેટલું થવાનું હતું ? આપણા તટસ્થ રહેવા છતાં બીજાનાં કર્મથી જે થાય છે, તે ખરું જોતાં આપણે માટે નુકસાન પણ નથી અને લાભ પણ નથી. તેથી હમેશાં એવો યત્ન હોવો જોઈએ કે જેથી પોતાનો ઉદ્ધાર થઈ જાય. માણસે પોતાને નીચે પાડવો ન જ જોઈએ.

(૭૦) આત્મજયનો અર્થ જ ઉદ્ધાર છે.

(૭૧) જે તટસ્થ થયો છે, શત્રુ મિત્ર અને ઉદાસીન, હિતકારી અહિતકારી તેમજ મધ્યસ્થ, સાધુ અને પાપી બધાના વિષયમાં જેને સમાનતા છે તે જ સર્વશ્રેષ્ઠ છે, તે જ સત્યધૃતિ છે.

(૭૨) જેના મનમાંથી વાસનાઓનું તોફાન શાંત થયું છે અને આ રીતે જે નિર્ભય અને નિર્મળ થયો છે, જેને બ્રહ્મચર્ય સહજ સાધ્ય છે અને જે સદા ઈશ્વરનું ધ્યાન રાખે છે તે જ ખરો સાધક છે, તે જ યોગી છે.

(૭૩) યોગી મધ્યમમાર્ગી હોય છે. અતિ ખાવું અથવા બિલકુલ ન ખાવું, ખૂબ સૂવું અથવા બિલકુલ ન સૂવું, આ યોગીઓ માટે બરાબર નથી. આહારવિહાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં જેણે પ્રમાણ રાખ્યું છે, કર્મ કરવામાં જેણે તેવું જ કૌશલ પ્રાપ્ત કર્યું છે, ઊંઘવા-જાગવામાં જે સુયંત્રિત છે, તેના શારીરિક અને માનસિક બધા દોષો દૂર થાય છે.

(૭૪) ખરું સુખ તો ઇંદ્રિયો વડે નથી પ્રાપ્ત થતું, પણ નિર્મળ બુદ્ધિ વડે પ્રાપ્ત થાય છે.

(૭૫) સાચા સુખનું લક્ષણ એ છે કે એમાં માણસની શાંતિ નષ્ટ થતી નથી, મન પ્રસન્ન રહે છે, જ્ઞાન જાગ્રત રહે છે, ગમે તેટલું દુઃખ આવી પડવા છતાં હૃદયમાં ઉદ્વેગ થતો નથી અને કોઈ પણ લાભની ભૂખ રહેતી નથી.

(૭૬) આ રીતે દુઃખથી મુક્ત કરનાર યોગ તે જ સાચો યોગ છે. ચિત્ત શાંત કરી તેનું અનુશીલન કરવું ઘટે છે.

(૭૭) ચિત્ત ચારે બાજૂએ દોડે છે, તેને ધીરેધીરે ખેંચી લાવી વિષયોથી પરાઙ્મુખ કરી આત્મામાં સ્થિર કરવું જોઈએ. આ પ્રમાણે ચંચલ અને અસ્થિર મન જ્યાંજ્યાં દોડી જાય, ત્યાંત્યાંથી તેને ખેંચી લાવી આત્મામાં લગાડવું જોઈએ. આ જ છે સાધના.

(૭૮) જે માણસે પોતાના દોષો કાઢી નાખ્યા છે, વિરાટ વિશ્વસમાજ સાથે જે એકરૂપ થયો છે અને જેના મનની અબળખા શમી ગઈ છે, તેવા આત્મવિજયી માણસ પાસે સુખ એની મેળે ચાલી આવે છે.

(૭૯) આવી શક્તિવાળો માણસ પોતાને જ બધાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયમાં જુએ છે અને બધાને પોતાની અંદર સમાયેલા જુએ છે, અને તેથી તે બધે એકરૂપ હોય છે; એને પોતીકા અને પરાયા એવો ભેદ રહેતો નથી.

(૮૦) એને માટે બધે ઈશ્વરને જોતાં આવડવું જોઈએ અને ઈશ્વરમાં જ બધું સમાયેલું દેખાવું જોઇએ. માણસ આત્મતત્ત્વને દગો ન દે અને આત્મતત્ત્વ પણ એને વિસારી ન મૂકે.

(૮૧) જે માણસ ઈશ્વરનિષ્ઠ છે અને બધાં ભૂત માત્ર પ્રત્યે સમાન રીતે સમભાવી છે તે કોઈ વખતે ગફલતમાં હોય, તો યે એને હાથે ભૂલ નહિ થાય.

(૮૨) બધાનો આત્મા એક જ છે એમ માનવામાં મુશ્કેલી નથી આવતી; પણ બધાંનાં હૃદય એક જ છે એ જે સમજે છે અને સુખમાં તેમજ દુઃખમાં, બધા સાથે એકરૂપ થાય છે તે જ ખરો અને ઉત્તમ યોગી કહેવાય.

(૮૩) મન એટલે વાંદરું. પવનનું પોટલું બંધાય પણ મન હાથ કરવું અઘરું છે; છતાં જે માણસ ધીમે-ધીમે પ્રયત્ન કરે અને વાસનાઓ પ્રત્યે ઉદાસીનતા કેળવે, તો અંતે આવું મન પણ તાબામાં આવી શકે છે.

(૮૪) માણસ આત્મોન્નતિ માટે મથતો હોય અથવા સમાજસેવામાં ખપી જતો હોય, તો એ કલ્યાણકારી છે; એની દુર્ગતિ કોઈ કાળે થવાની નથી.

(૮૫) જે માણસ સાધનાવીર થયો, તેને કુદરત સાધનસંપન્ન કરે જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮૬) આ જમાનાની તપસ્યા તે આવતા જમાનાની મૂડી એ ન્યાયે એક જન્મની સાધના બીજા જન્મમાં કુદરતી બક્ષિસ જેવી માણસને મળે છે.

(૮૭) કેવળ તપ, કેવળ જ્ઞાન અથવા કેવળ કર્મ એ હમેશ ગૌણ જ હોય છે. બધાનો જે સમન્વય કરે તે જ શ્રેષ્ઠ યોગી છે.

આમાં પણ જો આવા માણસના હૃદયમાં પહેલેથી ઈશ્વરનિષ્ઠા હોય, તો પૂછવું જ શું ? તે તો યોગીશ્વર જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૭ મો

(૮૮) ઈશ્વરી વિભૂતિને સમજવા માટે પ્રથમ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે આ અખિલ વિશ્વનું ઉત્પત્તિસ્થાન ઈશ્વર છે અને ઈશ્વરમાં જ એ વિલીન થાય છે. ઈશ્વરથી પર એવું કંઈ છે જ નહિ. સૂતરના તાંતણામાં જેમ મણિ લટકતા રહે છે તે જ પ્રમાણે સમગ્ર વિશ્વ ભગવાનને આધારે અવલંબી રહેલું છે.

(૮૯) બધાં ભૂત-પ્રાણીઓનું જીવન તે જ છે અને બધાના જીવનનું હરણ કરનાર મૃત્યુ પણ તે જ છે. ભગવાન કહે છે : 'जीवनं सर्वभूतेषु' અને 'मृत्युः सर्वहरश्चाहम्।'

(૯૦) ઉપનિષદોમાં કહ્યું છે—'बलमुपास्स्व'। આજ કાલની દુનિયા પણ બળની જ ઉપાસના કરે છે. એટલે ભગવાન વધારે સ્પષ્ટ કરી કહે છે—अहं बलवताम् कामरागविवर्जितं बलमस्मि। કામ-રાગ રહિત જે બળ છે તે જ ઈશ્વરની વિભૂતિ છે; તેની જ ઉપાસના કરવી જોઈએ. (યુરોપના ગુરુ નીટ્શેએ આટલી વાત સમજી લીધી હોત, તો તે આસુરી સંપતનો પ્રચારક ન બનત.)

(૯૧) દરેક વસ્તુને ઘડપણ છે, જીવનને અંત છે; પણ 'કામ'નો અંત નથી. શક્તિ ક્ષીણ થવા છતાં કામ વધ્યે જ જાય છે; માટે દરેક માણસે તેને ધર્મના અંકુશમાં રાખવો જોઈએ. ધર્મ એટલે લોક કલ્યાણકારી સદાચાર. જેને હરામ નહિ ગણીએ એટલો જ કામ માણસના હક્કમાં છે. ભગવાન કહે છે—धर्माऽविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯૨) ભગવાને પ્રાણીઓને પેદા કરી ત્રણ ગુણોના બંધનમાં તેમને જકડી દીધા છે અને પોતે તેથી નિરાળા જઈ બેઠા છે. પરિણામે પરમાત્માની કૃપાથી જીવતો હોવા છતાં માણસ પરમાત્માને ઓળખી શકતો નથી.

(૯૩) મારી આ ત્રિગુણાત્મક માયા જીતવી કઠણ છે. તેની જોડે ડાઈ લડી શકતું નથી. જે મારે શરણે આવે છે તે જ આ માયાને તરી જઈ શકે છે.

(૯૪) આસુરી વૃત્તિના લોકો આ ત્રિગુણાત્મક માયાની જાળમાં ફસાઈ દુરાચારી બને છે. તેમને મારે શરણે આવવાનું કદી સૂઝતું જ નથી.

(૯૫) ઈશ્વરને શરણે જનાર ભાગ્યશાળી લોકોના ચાર પ્રકાર છે: (૧) જેઓ દુ:ખથી બચવા માગે છે, (૨) જેઓ જીવનનું રહસ્ય સમજવા માગે છે, (૩) જીવનનું સાર-સર્વસ્વ પ્રાપ્ત કરવાની જેઓ ઇચ્છા રાખે છે, અને (૪) જેમણે પોતાનો આત્મા સંસ્કારી કર્યો છે, જીવનનું રહસ્ય પ્રાપ્ત કર્યું છે, જેમની સમક્ષ બધા ભેદો ખુલ્લા થયા છે અને ઈશ્વરની ભક્તિ જેમને અકારણ અર્થાત્ સહજ બની ગઈ છે આવા લોકો: આમાંથી છેલ્લી કોટિનો જ્ઞાની સર્વશ્રેષ્ઠ છે, કારણ કે તેની ભક્તિ નિર્હેતુક અને એકાગ્ર હોય છે. ભગવાન કહે છે–'જ્ઞાની તો મારો આત્મા જ છે.'

(૯૬) જ્ઞાની ભલે ગમે તેટલા જન્મ લે, અંતે મારી પાસે જ આવનાર છે. તેને જ્યારે પ્રતીતિ થશે કે આ બધું વાસુદેવ જ છે, ત્યારે તે સીધો મારી પાસે આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૮ મો

(૯૭) આ સૃષ્ટિનો જે તમામ વ્યાપાર છે તે કર્મ છે. એ કર્મ વડે જ સૃષ્ટિ, સ્થિતિ, લય સંભવે છે. મોક્ષ પણ જ્ઞાનયુક્ત અનાસક્ત કર્મ વડે જ શક્ય થાય છે.

(૯૮) જેવી માણસની આખા જન્મારાની કમાણી તેવો જ સંકલ્પ એને અંતકાળે થવાનો; અને જેવો અંતકાળનો સંકલ્પ તેવો એનો પુનર્જન્મ.

(૯૯) અંતકાળનો સંકલ્પ જો શુદ્ધ રહે એવી ઇચ્છા હોય તો આખો જન્મારો ભગવાનનું સ્મરણ જાગ્રત રાખવું જોઈએ અને બધું એને અર્પણ કરી અનાસક્ત ભાવે જ કર્મો કરવાં જોઈએ. આને અભ્યાસયોગ કહે છે.

(૧૦૦) બ્રહ્મચર્યપાલનનો ઉદ્દેશ ઈશ્વરપ્રાપ્તિ જ હોઈ શકે છે.

(૧૦૧) ઈશ્વરપ્રાપ્તિનું સુલભ સાધન એ ઈશ્વરની સ્મરણભક્તિ છે. લોભથી કરેલું ઈશ્વરસ્મરણ એ ઈશ્વર-સ્મરણ નથી, કેમ કે એમાં પ્રધાનપણે ઈશ્વરનું સ્મરણ નથી થતું, પણ લોભતૃપ્તિની ઝંખના હોય છે.

(૧૦૨) જીવનના બે માર્ગો છે : એક માર્ગે આવા-ગમનની ઘટમાળ ચાલુ રહે છે, બીજો માર્ગ શરણાગતિનો છે; એ બીજે માર્ગે આવાગમન ટળે છે.

(૧૦૩) વેદાધ્યયન, યજ્ઞ, તપ અને દાન એ દ્વારા જે ચારિત્ર્ય કેળવાય છે, એના કરતાં પણ અભ્યાસયોગથી કેળવેલું ચારિત્ર્ય શ્રેષ્ઠ હોય છે; એ માર્ગે કરેલી કમાણી સ્થાયી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૯ મો

(૧૦૪) ઈશ્વર સર્વવ્યાપી છે, સર્વનિયંતા છે, એ જાતનું જ્ઞાન તે રાજવિદ્યા. એવા ઈશ્વરને શરણ જઈ એની ઇચ્છાને અધીન થવું અને પોતાનો કશો જ વ્યક્તિગત સ્વાર્થ કે આગ્રહ રાખવો નહિ, એ રાજવિદ્યાનો યોગ.

વિદ્યા એટલે 'સાયન્સ'. યોગ એટલે 'આર્ટ'–'આર્ટ-ઑફ લાઇફ.'

(૧૦૫) આ જાતની રાજનિષ્ઠા જેની નથી તે જ જન્મમરણની ઘટમાળમાં સપડાય છે અને આસુરી તેમ જ રાક્ષસી સંસ્કૃતિમાં રાચે છે.

(૧૦૬) ઈશ્વર સર્વત્ર છે એ ન જાણવાથી મનુષ્યમાં રહેલા ઈશ્વરને–ચતન્યતત્ત્વને–લોકો અવગણે છે. ખરું જોતાં દરેક માણસમાં પરમાત્મા પોતે પ્રકટ થાય છે; તેથી કોઈ પણ માણસનો દ્વેષ કે તિરસ્કાર ન કરવો.

(૧૦૭) ઉનાળાનો તડકો અને ચોમાસાનો વરસાદ બન્ને ઈશ્વરે જ કરેલાં હોય છે; દુકાળ અને સુકાળ બન્ને એના તરફથી જ છે; અમૃત અને મૃત્યુ એનાં જ બે રૂપો છે; સત્ અને અસત્ બન્ને એનાં જ પાસાં છે.

(૧૦૮) તપ કરવાથી પુણ્ય મળે છે, પુણ્યસંચયથી સ્વર્ગલોક મળે છે. સ્વર્ગલોક એટલે ભોગ અને ઐશ્વર્ય. ભોગ અને ઐશ્વર્ય ભોગવવાથી પુણ્ય ક્ષીણ થાય છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુણ્ય ખૂટયું એટલે માણસનો (સ્વર્ગમાંથી) અધઃપાત થાય છે. આવી રીતે સકામ-કર્માચરણ કરનાર માણસ આવાગમનના ફેરામાં સપડાય છે.

(૧૦૯) જે માણસ અનન્યનિષ્ઠાથી ભગવાનની સેવા કરે છે અને એનું જ ધ્યાન કરે છે, તેનો યોગક્ષેમ ભગવાન પોતે ચલાવે છે. (યોગ એટલે ન મળેલું મળવું તે અને ક્ષેમ એટલે જે મળેલું છે તે સાચવવું.)

(૧૧૦) ગમે તેવી શ્રદ્ધાથી, ગમે તેટલી ટૂંકી દૃષ્ટિ કે બુદ્ધિથી ગમે તે દેવતાની ઉપાસના કરો, અંતે તે સાચા ભગવાનને જ પહોંચે છે. માત્ર એવા ભક્તોને ભગવત્સેવાના સાચા પ્રકારની ખબર નહિ હોવાથી એમને ભક્તિનું સર્વોચ્ચ ફળ મળતું નથી.

(૧૧૧) એથી ઊલટું જે માણસ જાણે છે કે પરમાત્મા જ બધા યજ્ઞોનો ભોક્તા છે અને ત્રિલોકીનો પ્રભુ છે, તેઓ પત્ર, પુષ્પ, ફળ, પાણી જે કાંઈ અર્પણ કરે તેનો ભગવાન હેતપૂર્વક સ્વીકાર કરે છે.

(૧૧૨) તેથી માણસ જે કાંઈ કરે, ભોગવે, દાન કરે કે હોમે તે બધું એણે ભગવાનને જ અર્પણ કરવું જોઈએ. આમ કરવાથી એ સંન્યાસયોગ સાધશે અને શુભાશુભ ફળથી બંધાઈ ન જતાં મુક્ત થશે.

(૧૧૩) ભગવાન બધા પ્રત્યે સમાન જ રહે છે. એને ન કોઈ ખાસ વહાલો છે, ન કોઈ દ્વલો છે. જેઓ ઈશ્વરભક્ત છે, તેઓ એ ભક્તિને કારણે ઈશ્વરમાં ઓતપ્રોત થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૧૪) માણસ ગમે તેટલો દુરાચારી હોય, તો યે જો એ અનન્ય નિષ્ઠાથી ઈશ્વરની ભક્તિ કરવા માંડે, તો–એણે એ રીતે સાચો રસ્તો લીધેલો હોવાથી–એ તરત સાધુની કોટિમાં પહોંચી જાય છે. એને ધર્માત્મા થતાં વાર નથી લાગતી. એને અંતે એને શાશ્વત શાંતિ મળે છે.

(૧૧૫) ભગવાન ભક્તોને વચન આપે છે કે 'મારા ભક્તનો કોઈ કાળે નાશ થવાનો નથી.'

(૧૧૬) સમાજમાં દબાયેલા, સંસ્કારથી વંચિત અને સમર્થ–લોકો–તરફથી–હડધૂત એવા લોકો પણ ઈશ્વરને શરણે જાય છે, એનો આશ્રય લે છે, ત્યારે તેમનો પણ ઉદ્ધાર જ થાય છે.

(૧૧૭) અનિત્ય અને દુઃખપૂર્ણ એવી આ દુનિયામાં આવીને શા માટે માણસ ઈશ્વરને નહિ ભજતો હોય?

(૧૧૮) જે માણસ પોતાના હૃદયને કેળવી ઈશ્વર-પરાયણ થાય છે અને પોતાનાં મનબુદ્ધિ ઈશ્વરને અર્પણ કરે છે, તે ઈશ્વરની આવી ભક્તિ અને શરણાગતિ દ્વારા ઈશ્વર સુધી પહોંચી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૦ મો

(૧૧૯) જીવનમાં ઈશ્વરનું સ્વરૂપ ઓળખવું, એનું કાર્ય સમજવું અને એની આણ સ્વીકારવી એ તમામ જ્ઞાન મેળવવાનો અને સર્વ પાપમાંથી મુક્ત થવાનો ઉત્તમ માર્ગ છે.

(૧૨૦) સુખ અને દુઃખ, જીવવું અને મરવું, ભય અને અભય, યશ અને અયશ–એ બધાં ઈશ્વર પાસેથી જ આવેલાં હોય છે.

(૧૨૧) જેઓ ડાહ્યા છે તેઓ જાણે છે કે (પરમાત્મા) પોતે જ આખા ચરાચર વિશ્વનું ઉત્પત્તિસ્થાન છે. જે કાંઈ ચાલે છે તે બધું ઈશ્વરની શક્તિ વડે ચાલે છે, એવી નિષ્ઠાથી ઈશ્વરની ભક્તિ કરનાર લોકો જ ડાહ્યા ગણાય. એવા લોકો ઈશ્વરને વળગી એકબીજાને એવી શ્રદ્ધામાં ટેકો આપે છે અને પોતાના આધ્યાત્મિક અનુભવની આપલે કરે છે.

(૧૨૨) જે માણસ યોગયુક્ત થઈ ઈશ્વરભક્તિ કરે છે, તેને ઈશ્વર બુદ્ધિયોગ આપે છે. માણસ એ બુદ્ધિયોગની મદદથી ઈશ્વર સુધી પહોંચે છે.

(૧૨૩) ઈશ્વરને એમાં કશો બોજો નથી. એ પોતાના જ્ઞાનદીપથી અજ્ઞાનરૂપી તમોગુણનો નાશ કરે છે.

(૧૨૪) વિશ્વકર્તા વિશ્વપતિનું સાચું અને આખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ વિશ્વમાંની કોઈ પણ વ્યક્તિ પૂર્ણપણે શી રીતે જાણી શકે ?

(૧૨૫) ઈશ્વર અનંત છે, એની વિભૂતિઓ અનંત છે. એ અનંતના વિસ્તારનો અંત ક્યાંથી હોય ?

(૧૨૬) જ્યાંજ્યાં કોઈ પણ ગુણનો કે શક્તિનો ઉત્કર્ષ હોય, ત્યાંત્યાં ઈશ્વરની જ વિભૂતિ છે એમ માનવું.

(૧૨૭) ભગવાન ખાતરી આપે છે કે પ્રાણીઓનો આત્મા હું છું; ભૂત માત્રનો આદિ, મધ્ય અને અંત હું છું; નક્ષત્રોમાં ચંદ્ર હું છું; દેવોમાં ઇંદ્ર, વેદોમાં સામવેદ, ઇંદ્રિયોમાં મન, પ્રાણી માત્રની ચેતના, શિખરોમાં મેરુ, જળાશયોમાં સાગર, વાણીમાં ૐકાર, યજ્ઞોમાં જપયજ્ઞ, પહાડોમાં હિમાલય, વૃક્ષોમાં પીપળ, માણસોમાં રાજા, દૈત્યોમાં પ્રહ્લાદ, ગણના કરનારાઓમાં કાળ, પશુઓમાં સિંહ, પક્ષીઓમાં ગરુડ, ક્ષત્રિયોમાં રામ, નદીઓમાં ગંગા, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા, સમાસોમાં દ્વંદ્વ, મહિનાઓમાં માર્ગશીર્ષ, ઋતુઓમાં કુસુમાકર વસંત, પાંડવોમાં અર્જુન અને મુનિઓમાં વ્યાસ હું છું.

(૧૨૮) સેનાપતિઓમાં બ્રહ્મચારી કાર્તિકેય સ્કંદ હું છું; પ્રજાઓની ઉત્પત્તિ કરનાર કામદેવ હું છું; સંયમ કરનારાઓનો યમ હું છું; અક્ષયકાળ હું જ છું; હરણ કરનારાઓમાં સર્વહરણ કરનાર મૃત્યુ હું છું; નારી જાતિમાં કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ, ક્ષમા હું છું; તેજસ્વી લોકોનું તેજ હું છું; સત્ત્વવાન લોકોનું સત્ત્વ હું છું; હું જય છું; વ્યવસાય–પુરુષાર્થ હું છું; દમન કરનારા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો દંડ હું છું; વિજય કરનારાઓની નીતિ હું છું; ગુપ્ત વસ્તુમાં મૌન હું છું અને જ્ઞાનીઓમાં જ્ઞાન હું છું.

(૧૨૯) તમામ ભૂતોમાં જે કાંઈ બીજ હોય, તે હું છું. મારા વિના કશું સંભવે જ નહિ.

(૧૩૦) ટૂંકામાં કહું, તો મારી દિવ્ય વિભૂતિઓના વિસ્તારનો અંત જ નથી.

(૧૩૧) જે કાંઈ વિભૂતિવાળું છે, શ્રીયુક્ત છે, તેજસ્વી છે, તે બધું મારા થકી જ પેદા થયું છે; એમ જાણવું જોઈએ.

(૧૩૨) આખું વિશ્વ મારા એક અંશથી જ ભરી દઈ હું અળગો રહેલો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૧ મો

(૧૩૩) અધ્યાત્મજ્ઞાનથી તમામ મોહનો નાશ થાય છે.

(૧૩૪) માણસ પોતાનાં ચર્મચક્ષુથી ભગવાનને જોઈ શકતો નથી. **ભગવદ્દર્શન માટે દિવ્ય દૃષ્ટિ જ ઈશ્વર પાસેથી મળવી જોઈએ.**

(૧૩૫) આ જગતમાં જે વસ્તુઓ અનેક રીતે અલગઅલગ અને નોખીનોખી દેખાય છે, તે ઈશ્વરની અંદર સંલગ્ન અને એકરૂપ દેખાઈ આવે છે.

(૧૩૬) આ નાશવંત દુનિયામાં એક ભગવાન જ અવિનાશી છે અને એ જ સનાતન પુરુષ. શાશ્વત ધર્મનો રક્ષણકર્તા છે.

(૧૩૭) સજ્જન અને દુર્જન બધાનો જ નાશ ઈશ્વર કરતો રહે છે. આ સૃષ્ટિનાં સર્વ ચરાચર સત્ત્વો એના મોઢામાં પ્રવેશ કરે છે; અને દીવા ઉપર જેમ પતંગિયાં ઝંપલાવે છે તેમ તમામ લોકો ઈશ્વરના મોઢામાં વિનાશ માટે દોડે છે.

(૧૩૮) લોકોનો ક્ષય કરનાર કાળ પણ પરમાત્માની જ એક વિભૂતિ છે.

(૧૩૯) પરમાત્મા આ વિશ્વનું પરમ નિધાન છે. જાણનાર પણ એ છે અને જાણેલું પણ એ જ છે. આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વમાં એ જ ફેલાયેલો છે. અનંતવીર્ય અને અમિત-વિક્રમ હોવાથી એ તમામ વસ્તુજાતને વ્યાપે છે; માટે એને 'સર્વ' કહે છે.

(૧૪૦) વેદ, તપસ્યા, દાન, યજ્ઞ ઇત્યાદિ સાધનો વડે ભગવાનનું દર્શન નથી થતું. **અનન્ય ભક્તિથી જ માણસ ઈશ્વરને જાણી શકે છે.**

(૧૪૧) તમામ પ્રાણીઓ અને સત્ત્વો પ્રત્યે જે માણસ **નિર્વૈર** બને છે અને ઈશ્વરભક્ત બની ઈશ્વરનું કાર્ય જ કરે છે, તે ઈશ્વર પાસે પહોંચી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૨ મો

(૧૪૨) ગીતાનો યોગ અમુક વખતે અમુક રીતે પલાંઠી વાળીને સમાધિ ભોગવવા માટે નથી, પણ આખો જન્મારો વિશિષ્ટ વૃત્તિથી જીવવા અને કર્મ કરવા માટે છે. ઈશ્વરમાં ચિત્ત પરોવી, નિત્યયુક્ત થઈ, ઇંદ્રિયોને કાબૂમાં રાખી, બધા પ્રત્યે સમાન ભાવ ધારણ કરી, સર્વ પ્રાણીઓની–ભૂત માત્રની–હિતસિદ્ધિમાં રચ્યા-પચ્યા રહેવું એ ગીતાનો આદર્શ છે.

(૧૪૩) વ્યક્ત અને અવ્યક્ત એવા બે આદર્શ વચ્ચે અવ્યક્ત આદર્શનું સેવન કરવું વધારે અઘરું છે. તેમાં તકલીફ વધારે છે, કેમ કે દેહધારી માટે અવ્યક્તનું આકલન કરવું ઘણું કઠણ છે.

(૧૪૪) જેઓ કૃષ્ણ પરમાત્માનું ધ્યાન ધરતાં બધાં કર્મો એને જ અર્પણ કરે છે અને અનન્ય યોગથી એને જ ભજે છે, તેમનો મૃત્યુ–સંસાર–સાગરમાંથી ઉદ્ધાર કરતાં ભગવાનને કશી જ વાર લાગતી નથી.

(૧૪૫) ભગવાન પોતે જ ભક્તોને એમની સાધના સમજાવે છે: તારું મન મારે ઠેકાણે રાખ, તારી બુદ્ધિ મારામાં પરોવી દે, એટલે તું મારામાં જ આવીને વસીશ, એમાં શંકા નથી.

(૧૪૬) ચિત્ત જો ઈશ્વરને ઠેકાણે સ્થિર ન થતું હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો નિરાશ ન થતાં ફરીફરી એ પ્રયત્ન અને અભ્યાસ જારી રાખવા.

(૧૪૭) અભ્યાસનો આ માર્ગ જો કોઈને ફાવે નહિ તો એને માટે બીજો રસ્તો છે. એણે ઈશ્વરપ્રીત્યર્થ કર્મો કરવાં અને એ રીતે સિદ્ધિ મેળવવી. આ રસ્તો પણ જો ફાવતો ન આવે તો કરવાનાં કર્મો તો કરવાં પણ એ કર્મોનાં ફળોનો ત્યાગ કરવો.

(૧૪૮) કોઈ પણ કર્મ કેવળ ફરીફરી કરવા કરતાં એની પાછળનું જ્ઞાન એ વધારે સારું છે. કેવળ જાણવા કરતાં એ વસ્તુનું અખંડ જાગ્રત ભાન રાખવું એ વધારે સારું છે. ધ્યાન કરતાં કર્મફળનો ત્યાગ સારો, કેમ કે એમાં અનાસક્તિ હોય છે. એવા ત્યાગ પછી શાંતિ મળવી જ જોઈએ.

(૧૪૯) જે સાચો ભક્ત છે તે કોઈનો દ્વેષ નથી કરતો; તે બધા પ્રત્યે અનુકૂળ અને દુર્દૈવીઓ પ્રત્યે દયાવાન હોય છે: 'હું' અને 'મારું' એ બે દોષમાંથી એ મુક્ત હોય છે. સુખદુઃખ પ્રત્યે સમાન બની એ બધા પ્રત્યે ક્ષમાવાન હોય છે. એ પોતાની વાસનાઓને કાબૂમાં રાખી, નિશ્ચયમાં દૃઢ રહી, પોતાનાં મન અને બુદ્ધિ ઈશ્વરને અર્પણ કરી યોગયુક્ત રહે છે. એનાથી લોકો ત્રાસતા નથી. લોકોના દોષોથી એ ત્રાસતો નથી. હર્ષ અને અમર્ષ (ક્રોધ), ભય અને ઉદ્વેગ એ બધા દોષોથી એ વેગળો રહે છે. એને કશાની અપેક્ષા નથી હોતી. બધી રીતે એ સ્વચ્છ રહે છે. પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તવ્યમાં એ દક્ષ હોય છે. પોતાને થતી વ્યથા પ્રત્યે એ તદ્દન ઉદાસીન હોય છે. આવી પડેલું કર્તવ્ય પાર પાડવાની એની ટેક હોવાથી એ પોતાની મેળે કોઈ પણ પ્રવૃત્તિ, હાથે કરીને, વહોરી નથી લેતો. શુભ પ્રાપ્ત થાઓ કે અશુભ, બન્ને વિષે તે ઉદાસીન જ રહે છે. એ ન તો હર્ષઘેલો થાય છે, ન દ્વેષથી આંધળો થાય છે, ન કશાની અપેક્ષા રાખે છે, ન કશાનો શોક કરે છે. શત્રુ અને મિત્ર, માન અને અપમાન, શીત અને ઉષ્ણ, સુખ અને દુઃખ એ બધાં દ્વંદ્વો જાણતો છતો બન્ને પ્રત્યે સંગરહિત એવો એનો સમાન ભાવ જ હોય છે. નિંદા કે સ્તુતિ એને માટે સમાન છે. જે કાંઈ મળે એટલાથી એ સંતુષ્ટ રહે છે. પોતાનું એવું કોઈ ઘર નહિ રાખેલું હોવાથી જ્યાં જાય ત્યાં એને પોતાનું જ ઘર હોય છે; એટલે એની મતિ તો હમેશાં સ્થિર જ રહે છે. ચંચળતા એને વળગતી નથી. આવા આદર્શવાળો જે માણસ હોય તે ભગવાનને પ્રિય થાય તેમાં આશ્ચર્ય શું ? ઈશ્વરનું કાર્ય એને હાથે જ પાર પડવાનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૩ મો

(૧૫૦) જો આ જગતને અને જીવનને જાણવાં હોય તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ બન્નેને ઓળખવાં જોઈએ. ક્ષેત્ર એટલે શરીર – કેવળ મડદું નહિ પણ પંચમહાભૂતો, બુદ્ધિ, અહંકાર, અવ્યક્ત, પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, અગિયારમું મન, ઇંદ્રિયોના પાંચ વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ), ઇચ્છા, દ્વેષ, સુખદુઃખ, સંઘાત, ચેતન અને તમામ વસ્તુઓને એકત્ર રાખનારી ધૃતિ નામની શક્તિ, આ બધું મળીને શરીર કહેવાય છે. વિકાર એટલે કે પરિવર્તનશીલતા એ એનો સ્વભાવધર્મ છે.

(૧૫૧) આવા શરીરને જે ઓળખે છે અને ચલાવે છે તે ક્ષેત્રજ્ઞ. ખરું જોતાં પરમાત્મા પોતે જ ક્ષેત્રજ્ઞ છે. એ ક્ષેત્રજ્ઞ ક્ષેત્રને ચલાવે છે; એથી જ સ્થાવરજંગમ તમામ સૃષ્ટિ પેદા થાય છે.

(૧૫૨) ગીતામાં 'જ્ઞાન' શબ્દનો અર્થ 'વિગતો, નિયમો અને સિદ્ધાંતોની શાબ્દિક માહિતી કે જાણકારી' એટલો સંકુચિત નથી. ગીતાના મત પ્રમાણે **જ્ઞાન એટલે સંસ્કારિતા, જ્ઞાન એટલે આધ્યાત્મિક જીવન, જ્ઞાન એટલે બુદ્ધિની મદદથી જે કાંઈ મેળવ્યું હોય તે બધું જીવનમાં ઉતારવું તે.** બુદ્ધિથી મેળવેલું જો જીવનમાં ઊતરે નહિ, સ્વભાવમાં પરિણમે નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરિત્રમાં પ્રકટ થાય નહિ, તો તે બધું અજ્ઞાન છે, એમ જ સમજવું.

(૧૫૩) ગીતાએ જ્ઞાનનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે: [અભિમાનનો અભાવ, દંભનો અભાવ, હિંસાનો ત્યાગ, ક્ષમા, સરળપણું, આચાર્યની ઉપાસના, સ્વચ્છતા, પોતાના મન ઉપર કાબૂ, જે જે વિષયો પ્રત્યે સામાન્યપણે ઇંદ્રિયો દોડે છે તે બધી વસ્તુઓ વિષે આંતરિક વૈરાગ્ય, અહંકારનો ત્યાગ, જન્મ-મૃત્યુ-ઘડપણ-વ્યાધિ એ બધામાં દુઃખ અને દોષ ભરેલા છે એવી ખાતરી, અનાસક્તિ, બૈરાંછોકરાં-ઘરબાર-સગાંવહાલાં વિષે મોહનો ત્યાગ, પક્ષપાતરહિત સર્વત્ર સમભાવ, ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થાય કે અનિષ્ટ વસ્તુ આવી પડે છતાં મનનું સમતોલપણું ઢળે નહિ એવી વૃત્તિ, ભગવાન પ્રત્યે અવ્યભિચારી અનન્ય ભક્તિ, એકાંત સાધવાની અભિરુચિ, લોકોનાં ટોળાંમાં ભળવાની અરુચિ, જીવનમાં હમેશ આધ્યાત્મિક દૃષ્ટિએ જોવાની ટેવ, અને તત્ત્વજ્ઞાન પ્રમાણે બધું જોવાનો આગ્રહ. — આ બધું મળી જે જીવન બને છે, તે જ્ઞાન છે.] આથી જે કાંઈ વિપરીત હોય તે બધું અજ્ઞાન.

(૧૫૪) ઉપરની જ્ઞાનની વ્યાખ્યા જોતાં ગીતાનો જ્ઞાની, ભક્ત, સ્થિતપ્રજ્ઞ, યોગી, પંડિત, બુધ, ગુણાતીત એ બધા એક જ ચિત્રનાં જુદાંજુદાં નામો છે, એ સહેજે ધ્યાનમાં આવે છે.

(૧૫૫) જ્ઞાન શું છે એ કહ્યા પછી જાણવા જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું છે એ પણ જાણવું જોઈએ. જ્ઞાન એટલે જો આધ્યાત્મિક અને સંપૂર્ણ જીવન, તો જાણવા લાયક એટલે સાક્ષાત્કાર કરવા લાયક તો પરબ્રહ્મ જ હોઈ શકે.

(૧૫૬) આ પરમાત્મા વિષે જ્ઞાન થયું એટલે માણસ અમર થયો.

(૧૫૭) જ્ઞાતવ્ય એવા એ પરમાત્માનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે: એ અનાદિ છે, સહુથી વ્યાપક છે, એ સત્ પણ ન કહેવાય અને અસત્ પણ ન કહેવાય. એને બધી જ બાજૂએ હાથપગ છે, માથું–આંખ અને મોંઢું છે; બધી જ બાજૂએ કાન છે; આખા વિશ્વ ઘેરીને તે રહેલો છે; બધી ઇંદ્રિયોનો અને ગુણોનો આભાસ એનામાં થાય છે, છતાં બધી ઇંદ્રિય વગરનો એ છે; એ અલિપ્ત છે છતાં બધાનો ભાર ઉપાડે છે; પોતે નિર્ગુણ હોવા છતાં ગુણોનો ઉપભોગ કરે છે; તમામ ભૂતોની અંદર પણ એ છે અને બહાર પણ છે; એ ચર પણ છે અને અચર પણ છે; એ અત્યંત સૂક્ષ્મ હોવાથી એનું સ્વરૂપ કળાતું નથી; એ દૂર પણ છે અને પાસે પણ છે; ભૂત માત્ર સાથે અવિભક્ત હોવા છતાં જાણે અળગો રહેતો હોય એવો એ દેખાય છે; એ ભૂતોનો પાલનકર્તા છે; એમનો ગ્રાસ કરનાર છે અને એમના ઉપર રાજ્ય પણ કરે છે; તેજસ્વી વસ્તુઓમાં તે તેજસ્વી છે; અંધકારથી પર છે; તે જ્ઞાન છે — જ્ઞેય છે — જ્ઞાનગમ્ય છે અને બધાંનાં હૃદયમાં તે અધિષ્ઠિત છે.

કેવળ મનુષ્યસમાજમાં દેખાઈ આવતા નહિ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી વિશ્વસંસ્થામાં રહેલા પરમાત્મતત્ત્વનું આ સ્વરૂપવર્ણન છે, એ ધ્યાનમાં આવ્યા વગર રહે નહિ.

(૧૫૮) ક્ષેત્ર, જ્ઞાન, જ્ઞેય ઇત્યાદિ આ વ્યાપક તત્ત્વોનું ખરેખરું જ્ઞાન થઈ જાય અને માણસ જો ભક્ત હોય તો એને ઈશ્વરપ્રાપ્તિ થયા વગર રહે નહિ.

(૧૫૯) 'બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા' એમ આપણે કહીએ છીએ, પણ મિથ્યા એટલે જગત છે જ નહિ એવો અર્થ નથી. એ છે, પણ વિકારી છે; ક્ષણે-ક્ષણે બદલાય છે. અને પરબ્રહ્મ વગર એ જગતની હસ્તીનો અર્થ જ નથી. આ અર્થમાં જગત મિથ્યા અથવા માયા છે.

પ્રકૃતિ અને પુરુષ એ બન્ને અનાદિ છે; સમાંતર રેખાની પેઠે હમેશાં અલગ હોવા છતાં સાથેસાથે ચાલતાં આવ્યાં છે. બન્ને હંમેશને માટે છે જ.

(૧૬૦) આ વિશ્વમાં ત્રણ ગુણો અને એમનો વિસ્તાર તે જ પ્રમાણે જગતમાં થતા બધા વિકારો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. કારણમાંથી કાર્ય પેદા કરવું એ કામ પ્રકૃતિનું અને એમાંથી ઉત્પન્ન થતાં સુખદુઃખો ભોગવવાં એ પુરુષનું કામ છે. પુરુષ 'સબ્જેક્ટિવ' છે, પ્રકૃતિ 'ઓબ્જેક્ટિવ' છે.

(૧૬૧) પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતા ગુણોને ભોગવવાનું કામ પ્રકૃતિમાં રહેલો પુરુષ કરે છે. સારી નરસી યોનિમાં જન્મ લેતા પુરુષનો ગુણો સાથે જે સંગ થાય છે, તેને કારણે એને સુખદુઃખાદિ ભોગવવાં પડે છે. આ પ્રકૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પુરુષ સાથેસાથે જે પરમ પુરુષ છે તે પરમાત્મા છે. એ જ માણસને પ્રેરે છે, દોરે છે, એનું પાલન કરે છે અને મહેશ્વર હોઈ બધા અનુભવોનો ઉપભોગ કરે છે.

(૧૬૨) પ્રકૃતિ, એના ગુણો અને એની અંદર રહેલો પુરુષ એ બધું જાણ્યા પછી માણસને શી રીતે વર્તવું એની મૂંઝવણ રહેતી નથી. એ ગમે તેમ ચાલે તો યે એને પુનર્જન્મની બાધા થતી નથી. ધ્યાનયોગથી, સાંખ્યયોગથી કે કર્મયોગથી અથવા કેવળ બીજા પાસેથી સાંભળીને ભલે અજ્ઞાનપૂર્વક પણ જેઓ ઈશ્વરની ઉપાસના કરે છે તે બધા મૃત્યુને તરી જાય છે.

(૧૬૩) આ વિનાશી જગતમાં અવિનાશી પરમેશ્વરને જે જુએ છે, તમામ ભૂત માત્રમાં સમાન ભાવે રહેલા પરમાત્માને જે જુએ છે, તે જ ખરો જ્ઞાની છે.

(૧૬૪) સર્વત્ર બધામાં સરખી રીતે રહેલા એ ઈશ્વરને જે જુએ છે તેને માટે સ્વકીય અને પરકીય એવો ભેદ રહેતો નથી. આત્મીયતા જ સ્થાપન થાય છે એ પોતે પોતાને શી રીતે મારે? એકવાર સાર્વત્રિક પોતાપણું મનમાં દૃઢ થયું એટલે અહિંસા સ્વાભાવિક થાય છે અને પરિણામે માણસ પરમ ગતિને પહોંચે છે.

(૧૬૫) તમામ કર્મો પ્રકૃતિ દ્વારા થાય છે, એમ જે સમજી શક્યો તે 'આત્મા અકર્તા છે' એમ સહેજે સમજી શકે છે.

(૧૬૬) આકાશ સૂક્ષ્મ હોઈ સર્વવ્યાપક છે; તેથી અવાજ કે સુગંધ-દુર્ગંધ આદિ કોઈ પણ વસ્તુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશને લેપ થતો નથી; તે નિર્લિપ્ત જ રહે છે. એ જ પ્રમાણે બધાંનાં શરીરમાં આત્મા રહેતો છતો કોઈ પણ રીતે તે અભડાતો નથી. એ શરીરમાં રહેનારો પરમાત્મા અનાદિ હોઈ, નિર્ગુણ હોઈ અને અવ્યય હોઈ કશું કરતો નથી અને એને કશાનો લેપ થતો નથી.

(૧૬૭) સૂરજ જેમ આ આખી સૃષ્ટિને ઉજાળે છે, તેમ જ આ ક્ષેત્રી તમામ ક્ષેત્રોને પ્રકાશે છે.

(૧૬૮) આ દુનિયામાં અલગઅલગ દેખાતા પદાર્થોને એક તત્ત્વની અંદર જ રહેલા જે જુએ છે અને એમાંથી એ આખો વિસ્તાર થયેલો જોઈ શકે છે તે પરબ્રહ્મને પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૪ મો

(૧૬૯) પુરુષ અને પ્રકૃતિ આ બે તત્ત્વો જાણ્યા પછી પ્રકૃતિમાંથી વિસ્તરતા ત્રણ ગુણોનું સ્વરૂપ જાણવું જોઈએ અને તે જાણ્યા પછી છેવટે એ ત્રિગુણથી પણ પર એવી જે કેવળ સ્થિતિ છે તે પણ જાણવી જોઈએ.

(૧૭૦) માણસ તમોગુણમાંથી સત્ત્વગુણ તરફ જવાનો પ્રયત્ન કરે તે દરમિયાન એને રજોગુણ વટાવવો પડે છે. તમોગુણી માણસ પ્રથમ પગથિયા તરીકે ઇરાદાપૂર્વક રજોગુણી થવાનો પ્રયત્ન કરે એ ખોટું છે. તમોગુણી મનુષ્ય સત્ત્વગુણી થવાનો જ પ્રયત્ન કરે; તેમ કરતાં રજોગુણ પેદા થાય છે અને વધે છે એ એક અપરિહાર્ય બિના છે. આમ રજોગુણ વધેલો જોઈ બીવાનું કારણ નથી. તમોગુણમાંથી બહાર પડ્યા એ જ અભિનંદનીય વાત છે.

(૧૭૧) અંતે સત્ત્વગુણ સુધી પહોંચ્યા પછી ઝાઝી સાધના રહેતી નથી. સત્ત્વગુણ જેમજેમ પરિપક્વ થતો જાય, તેમતેમ એમાંથી ગુણાતીતની સ્થિતિ કેળવાતી જાય છે.

(૧૭૨) સત્ત્વગુણ કેળવ્યા વગર ગુણાતીતની અવસ્થા સુધી માણસ પહોંચી જ ન શકે. ગુણાતીતનું વર્ણન **સાવ અસંસ્કારી, સાધનાશૂન્ય** માણસને પણ લાગુ પડતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એમ લાગે, પણ તે કેવળ શાબ્દિક ભ્રમણા જ છે.

(૧૭૩) ત્રણે ગુણોનું અને ગુણાતીત અવસ્થાના સ્વરૂપનું જ્ઞાન ગીતાએ સર્વોત્તમ જ્ઞાન કહ્યું છે, કેમ કે એ જાણવાથી માણસ પોતાનું જીવન ઉચ્ચ અને ઉચ્ચતર કરી શકે છે, એટલું જ નહિ પણ પરમાત્મા જેવી એની સ્થિતિ થવાથી સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય એને બાધક થતાં નથી.

(૧૭૪) સત્ત્વ, રજ અને તમ આ પ્રકૃતિના ગુણો આત્માને આ શરીર સાથે બાંધી રાખે છે.

(૧૭૫) એમાં સત્ત્વગુણ નિર્મળ, પ્રકાશકારી અને આરોગ્યદાયી હોવાથી સુખ અને જ્ઞાન પેદા કરે છે અને એ જ એક સૂક્ષ્મ બંધન થઈ જાય છે.

(૧૭૬) રજોગુણ તૃષ્ણા અને આસક્તિમાંથી ઉત્પન્ન થાય છે. એનું સ્વરૂપ આકર્ષણાત્મક હોય છે. એના બંધનને કારણે માણસ કર્મપરાયણ થાય છે.

(૧૭૭) તમોગુણ અજ્ઞાનમાંથી પેદા થાય છે. પ્રાણીઓને એ મોહમાં નાંખે છે અને પ્રમાદ, આલસ્ય અને નિદ્રા વધારી બધી રીતે બંધનરૂપ થઈ જાય છે.

(૧૭૮) ટૂંકામાં, સત્ત્વમાંથી સુખનું બંધન, રજમાંથી કર્મનું બંધન અને તમમાંથી જ્ઞાનને ઢાંકી દેનાર પ્રમાદનું બંધન પેદા થાય છે.

(૧૭૯) કોઈ પણ માણસ એક જ ગુણવાળો હોઈ શકે જ નહિ. જ્યાં શરીર છે ત્યાં આ ત્રણે ગુણ છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા બે ગુણોને દબાવી જે ગુણ પ્રભાવી નીવડે છે, તે ગુણનું તે શરીર મનાય છે.

(૧૮૦) સત્ત્વગુણ વધે છે ત્યારે બધી ઇંદ્રિયો પ્રકાશમાન થાય છે અને જ્ઞાન ખીલે છે. સત્ત્વગુણી માણસ અંતે ઉત્તમ નિર્મળ લોક સુધી પહોંચે છે.

(૧૮૧) રજોગુણ વધે એટલે માણસમાં લોભ, અનેક જાતની પ્રવૃત્તિ કરવાની ઘેલછા, અસ્વસ્થતા અને વાસના વધે છે. એમાંથી દુઃખ જ પેદા થાય છે અને માણસનું કર્મબંધન વધે છે.

(૧૮૨) અને જ્યારે તમોગુણ વધે છે ત્યારે આળસ, જડતા, અજ્ઞાન, પ્રમાદ, મોહ એ અંધારાં તત્ત્વો વધે છે. એમાંથી માણસ પશુકોટિમાં પહોંચે છે અને અજ્ઞાનમાં વધુ ને વધુ ઊતરે છે.

(૧૮૩) સત્ત્વગુણી લોકો ઉપર જાય છે એટલે કે ચડે છે, તમોગુણી નીચેનીચે જાય છે–એમનો અધઃપાત થાય છે; અને વચલા રજોગુણી આટઆટલી પ્રવૃત્તિ અને ધમાલ કરતાં છતાં જ્યાં છે ત્યાં ને ત્યાં જ રહે છે.

(૧૮૪) આ ત્રણે ગુણોને વટાવી જે પાર ગયો તેને જન્મ–મૃત્યુ–જરા–દુઃખનું બંધન નથી રહેતું.

(૧૮૫) ગુણોની શરીર ઉપર ગમે તે અસર થતી હોય તોયે, જે માણસ પોતાનાં મનબુદ્ધિને અલિપ્ત રાખી શકે છે તે માણસ ઉદાસીન જેવો દેખાતા છતાં મુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; કેમ કે ગુણોની અસરથી તે વિચલિત નથી થતો.

(૧૮૬) એવા ગુણાતીતનું વર્ણન નીચે પ્રમાણે કરેલું છે : તે સુખદુઃખમાં સમાન હોય છે; તે પોતાના આત્માને આધારે જ રહે છે; માટીનું ઢેફું, પથરો અને સોનું એને માટે સરખાં જ હોય છે; પ્રિય અને અપ્રિય બંને એને માટે એક જ હોય છે; નિંદા અને સ્તુતિ વચ્ચે એ ફેર જોતો નથી; માન અને અપમાન ગમે તે હોય, એની એના ઉપર અસર થતી નથી; માન અને અપમાન એને માટે સમાન છે; મિત્ર અને શત્રુ બંને પક્ષમાં એ સમાન જ રહે છે; એ પોતાની મેળે–હાથે કરીને–કોઈ પ્રવૃત્તિ ઊભી કરી બંધનમાં સપડાતો નથી. એવો માણસ જ્યારે અનન્ય ભાવે ભગવાનની ભક્તિ કરે છે ત્યારે તે ત્રણે ગુણને વટાવી બ્રહ્મત્વને પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૫ મો

(૧૮૭) સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને અસંગ અથવા અસહકારરૂપી શસ્ત્ર વડે છેદી આ તમામ પ્રવૃત્તિનું મૂળ એવો જે પરમાત્મા એને જ શોધવો જોઈએ. માન અને મોહ જેમણે છોડ્યાં છે, સંગદોષ જેમણે ત્યજ્યા છે, વાસનાઓમાંથી જેઓ નિવૃત્ત થયા છે, સુખદુઃખ-રૂપી દ્વંદ્વોમાંથી જેઓ બચ્યા છે, તેઓ એ અવ્યય પદને પામે છે.

(૧૮૮) એ પરમ પદને પામ્યા પછી માણસને પાછા જીવદશામાં આવવાપણું નથી હોતું. એ પરમ તત્ત્વનો એક અંશ જીવરૂપે અવતરેલો છે અને પ્રકૃતિનાં મન અને ઇંદ્રિયોને આકર્ષે છે. મૂઢ લોકો એ વસ્તુ જાણતા નથી, જ્ઞાની જાણે છે.

યોગીઓ એને પોતાના હૃદયમાં વસેલો ઓળખે છે. જેમણે પોતાના હૃદયને કેળવ્યું નથી, તે એને ઓળખી શકતા નથી.

(૧૮૯) સૂર્યચંદ્રાદિ જ્યોતિમાં જે તેજ પ્રકાશે છે તે પરમાત્માનું જ તેજ છે. તે પરમાત્મ તત્ત્વ જ સોમ બની તમામ ઓષધિઓને પોષે છે; વૈશ્વાનર બની ચતુર્વિધ અન્ન પચાવે છે; સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિ બધું એનામાંથી જ ઉદ્ભવે છે. બધાંનાં હૃદયમાં એ વસેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૬૦) ક્ષર પુરુષ અને અક્ષર પુરુષ બન્નેને ઓળખી એથીયે પર એવો જે પુરુષોત્તમ છે એને જે જાણે છે તે પરમાત્માનો સાચો ભક્ત બને છે. ભૂત માત્ર તે ક્ષર પુરુષ. એમના અધ્યક્ષ તરીકે જે રહે છે તે કૂટસ્થ અક્ષર પુરુષ. અને એ બન્નેથી જુદો ત્રિલોકીને ચલાવનારો અવ્યય પુરુષ તે ઈશ્વર. એને જ પુરુષોત્તમ કહે છે. એને જ શરણ જવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૬ મો

(૧૬૧) નવમા અધ્યાયમાં જે દૈવી, આસુરી અને રાક્ષસી પ્રકૃતિનો ઉલ્લેખ છે, તેમાંથી રાક્ષસી પ્રકૃતિ છોડી દઈ કેવળ દૈવી અને આસુરી એવી બે જાતની સંપત એટલે કે સંસ્કૃતિ સ્વીકારી, એમનું સ્વરૂપવર્ણન આ સોળમા અધ્યાયમાં કરેલું છે.

(૧૬૨) આ દુનિયામાં બે જાતની જીવનપદ્ધતિ અથવા ભૂતસર્ગ છેઃ એક છે દૈવી સંપત, બીજી છે આસુરી સંપત. દૈવી સંપતમાંથી મોક્ષ પરિણમે છે. આસુરી સંપત બંધનનું કારણ બને છે.

(૧૬૩) દૈવી સંપતનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છેઃ નિર્ભયતા, ચારિત્ર્યની શુદ્ધિ, જ્ઞાન અને યોગ પ્રમાણે જીવનની ગોઠવણ, દાન, આત્મસંયમ, સામાજિક જવાબદારીરૂપી યજ્ઞ, સંસ્કારો ટકાવવા માટે ચલાવેલું અધ્યયન, શક્તિ વધારવા માટે કરેલું તપ, આત્માના સ્વભાવરૂપી સરળતા, સંસ્કૃતિના પાયારૂપ અહિંસા અને સત્ય, માણસાઈના લક્ષણરૂપી અક્રોધ અને ત્યાગ, જીવનની સુવાસરૂપી શાંતિ, આર્યત્વને સહજ એવું અપૈશુનમ્ (કોઈની ચાડીચૂગલી ન કરવી તે), ધર્મના મૂળરૂપી ભૂત માત્ર પ્રત્યેની દયા, હીનતાને અભાવે ઉત્પન્ન થતું અલોલુપત્વ, ઠરેલ સંસ્કારિતાને લીધે દેખાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતાં માર્દવ, લજ્જા અને ચાંચલ્યનો અભાવ, તેજ અને ક્ષમા, સમાજને સંગઠિત રાખનારી ધૃતિ, સ્વચ્છતા, સામાજિક સંગઠનના પાયારૂપ અદ્રોહ અને મિલનસારપણું, આ બધાં તત્ત્વો જ્યાં છે ત્યાં સમાજ ઉન્નત થાય છે.

(૧૯૪) દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરતા, અજ્ઞાન એ બધાં આસુરી સંપતનાં લક્ષણ છે. એ સંસ્કૃતિમાં ઊછરેલા લોકો પ્રવૃત્તિ કે નિવૃત્તિની મર્યાદાઓ જાણતા નથી. એમનામાં નથી હોતું સત્ય કે નથી હોતો શૌચાચાર. તેઓ માને છે કે આ દુનિયામાં સત્ય જેવું કશું છે જ નહિ; સમાજ માટે કશો આધાર જ નથી. ઈશ્વરમાં તેઓ ક્યાંથી જ માને! તેઓ માને છે કે આ જગત કશા હેતુ વગર જેમતેમ ચાલ્યું છે. આવી દૃષ્ટિ હોવાથી તેઓ પોતાના આત્માનો નાશ કરે છે. એમની બુદ્ધિ ટૂંકી થઈ જાય છે. તેઓ ગમે તે ઉગ્ર કર્મ કરવા તૈયાર થાય છે અને દુનિયાના શત્રુઓ બની એનો નાશ કરવા ઉદ્યુક્ત થાય છે. કોઈ કાળે તૃપ્ત ન થાય એવી વાસનાને વશ થઈ દંભ માન અને મદ તેઓ કેળવે છે અને ખોટાખોટા આગ્રહો પકડી લઈ મલિન કામમાં પ્રવૃત્ત થાય છે. અમર્યાદ ચિંતા કરી તેઓ પ્રલય સુધી પહોંચે છે અને છતાં કામોપભોગને જ સર્વશ્રેષ્ઠ માની તેમાં જ રચ્યાપચ્યા રહે છે. કામક્રોધની ઉપાસના કરવાથી આશાના પાશમાં તેઓ બંધાયેલા રહે છે અને. અન્યાયથી મેળવેલા અર્થ વડે સુખ અને ઐશ્વર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગવવા માગે છે.

(૧૯૫) 'આટલું તો મેં મેળવ્યું, હવે આટલું મેળવીશ; આટલું ધન મારી પાસે છે, થોડા જ દિવસમાં આટલું મારા હાથમાં આવશે; આ એક શત્રુને માર્યો, બીજાઓને પણ મારીશ; હું રાજા છું, ભોગસમર્થ હું છું, સિદ્ધ છું, બળવાન છું અને સુખી છું; મારું જ કુળ ઉચ્ચ છે, મારા જેવો બીજો છે કોણ? હું યજ્ઞ કરીશ. લોકોને દાન આપીશ અને આનંદ કરીશ' એવાએવા વિચારો કરતા અને અજ્ઞાનથી વિમોહિત થયેલા એ આળસુ લોકો મોહજાળમાં સપડાઈ અશુચિ એવા નરકમાં પડે છે.

(૧૯૬) આ લોકો યજ્ઞ કરે છે તેમાં ઈશ્વરભક્તિ નથી હોતી, પણ પોતાની જ પ્રતિષ્ઠા હોય છે, ધનનો ગર્વ હોય છે અને તેઓ વિધિવિધાનની નિષ્ઠા વગર કેવળ દંભથી જ યજ્ઞ કરે છે. અહંકાર, દર્પ, બળ, કામ, ક્રોધ એથી ભરપૂર એવા આ લોકો બીજાઓમાં પણ હું જ વસેલો છું એ ભૂલી જઈ એમની મારફત મારો જ દ્વેષ કરે છે. એવા લોકોને હું એ જ નિષ્ઠામાં રહેવા દઉં છું, જેથી અંતે તેઓ નવીનવી આસુરી યોનિમાં જન્મ લઈને અધમ ગતિએ જાય છે.

(૧૯૭) માણસે જાણવું જોઈએ કે આત્માનો નાશ કરનાર અને નરકનો રસ્તો ઉઘાડનાર ત્રણ પ્રકારનો દ્વાર છે:–કામ, ક્રોધ અને લોભ. એટલા માટે જે પોતાનું હિત ચાહે છે તેણે આ ત્રણેનો ત્યાગ કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. આ ત્રણમાંથી જે મુક્ત થયો તે પોતાનું હિત સાધી ઉત્તમ ગતિએ પહોંચે છે.

(૧૯૮) એથી ઊલટું, જે કેવળ પોતાની વાસનાને વશ થઈ, કામથી પ્રેરાઈને ગમે તેમ વર્તે છે, જીવનની સંસ્કારિતા જતી કરે છે, તેનું જીવન વ્યર્થ થાય છે. એને નથી મળતી જીવનસિદ્ધિ, નથી મળતું સુખ અને નથી એ પહોંચતો શ્રેષ્ઠ ગતિને.

(૧૯૯) માણસે શું કરવું અને શું ન કરવું એ નક્કી કરતી વખતે પોતાની વાસનાને અધીન ન થવું ઘટે, પણ મનુષ્યજાતિનું હિત શામાં રહેલું છે એ બતાવનાર જીવનશાસ્ત્રને સમજી લઈ એની શિખામણ પ્રમાણે ચાલવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૭ મો

(૨૦૦) એમ તો દેખાવે બધાં માણસો સરખાં હોય છે, પણ એમની શક્તિમાં કેટલો ફેર ! આકલનશક્તિ, કાર્યશક્તિ, સહનશક્તિ, ઘટનાકૌશલ દરેકમાં જમીન-આસમાનનો ફેર પડે છે. એ ફેર શાથી થાય છે ? એ ફેરનું મુખ્ય કારણ શ્રદ્ધા છે.

જેવી માણસની શ્રદ્ધા તેવો એ બને છે. પુરુષ શ્રદ્ધા-નો જ બનેલો છે. જેવું માણસનું સત્ત્વ તેવી એની શ્રદ્ધા.

(૨૦૧) જેવો માણસનો સ્વભાવ તે પ્રમાણે એ સારા અથવા હીન દેવોની પૂજા કરે છે, એટલે કે તેવા આદર્શને સેવે છે.

(૨૦૨) જેઓ વગર વિચાર્યે શરીરને કષ્ટ દે છે અને શરીરમાં રહેનાર મને, એટલે કે ચૈતન્યતત્ત્વને, પીડે છે, તેઓ આસુર સંકલ્પવાળા તપસ્વી છે. આહાર, યજ્ઞ, તપ, દાન, કર્મ, જ્ઞાન, કર્તા, બુદ્ધિ, ધૃતિ, સુખ, દરેક બાબતમાં ત્રણ ગુણને કારણે ત્રણત્રણ પ્રકાર થાય છે; અને આમાંયે કેટલીક બાબતોમાં શારીરિક, વાચિક અને માનસિક એવો પણ ભેદ કરવો રહ્યો.

આહાર

(૨૦૩) આયુ, સત્ત્વ, બળ, આરોગ્ય, સુખ અને રુચિ વધારનારો આહાર સાત્ત્વિક લોકોને પસંદ પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને એ આહાર રસ્ય, સ્નિગ્ધ, સ્થિર અને હૃદ્ય હોય છે.

રજોગુણી માણસને તીખા તમતમતા અને બળતા આહારનો સ્વાદ ગમે છે અને અંતે એમાંથી દુઃખ, શોક અને રોગ જ પેદા થાય છે.

તમોગુણી લોકોને વાસી, નીરસ, ગંધાતું, અસ્વચ્છ, એઠું અને ઉભાઈ ગયેલું ભોજન વિશેષ ગમે છે.

यज्ञ

(૨૦૪) સાત્ત્વિકો જ્યારે યજ્ઞ કરે છે ત્યારે વિશ્વ-હિતની દૃષ્ટિએ ફળાકાંક્ષા છોડીને કર્તવ્યબુદ્ધિથી કરે છે. રજોગુણી લોકો ફળની આકાંક્ષા મનમાં રાખી અથવા પ્રતિષ્ઠા વધારવા માટે દંભથી યજ્ઞ કરે છે. તમોગુણી લોકોના યજ્ઞમાં નથી હોતો વિધિ, નથી હોતું અન્ન-સંતર્પણ. મંત્ર, દક્ષિણા, શ્રદ્ધા, કશું જ એમાં હોતું નથી. તેઓ ફક્ત યજ્ઞ કરી નાખે છે એટલું જ.

तप

(૨૦૫) તપ તેમજ કર્મ શારીરિક, વાઙ્મય અને માનસિક એવા ત્રણ પ્રકારનાં હોય છે અને એ ત્રણેનાં સાત્ત્વિક, રાજસિક તથા તામસિક એવા ત્રણ–ત્રણ પ્રકાર થાય છે.

(૨૦૬) એમાં દેવ બ્રાહ્મણ ગુરુ અને વિદ્વાન આદિનું પૂજન, શૌચ, ઋજુતા, બ્રહ્મચર્ય અને અહિંસા આટલી વસ્તુઓ શારીર તપ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨૦૭) ઉદ્વેગ ન કરનારું વાક્ય જે સત્ય હોય અને પ્રિય તથા હિતકર પણ હોય તે વાઙ્મય તપ છે. સ્વાધ્યાય રૂપી અભ્યાસ પણ વાઙ્મય તપ જ છે.

(૨૦૮) મન પ્રસન્ન રાખવું, સ્વભાવમાં સૌમ્યતા ધારણ કરવી, મન કાબૂમાં રાખી મૌન સેવવું અને ભાવ-સંશુદ્ધિ માટે હંમેશાં મથ્યા કરવું એ માનસિક તપ છે.

(૨૦૯) આ ત્રણે પ્રકારનાં તપ જો શ્રેષ્ઠ શ્રદ્ધાથી અને ફળાકાંક્ષા છોડીને કર્યાં હોય તો તે સાત્ત્વિક ગણાય; સત્કાર-માન-પૂજા મેળવવા માટે દંભથી પ્રેરાઈને જો કર્યાં હોય તો તે રાજસ છે; આ પાછલાં અધ્રુવ અને ચલ હોય છે.

(૨૧૦) મૂઢ જક્કીપણાથી પોતાની જાતને હેરાન કરીને અથવા બીજા કોઈના નાશને અર્થે જે તપ કરાય છે તે તામસ તપ છે.

દાન

(૨૧૧) જે દાન કરવામાં બધી રીતે હિત જ છે, એમ લાગતું હોય અને એટલા જ ખાતર દાન અપાતું હોય, પ્રત્યુપકારની કલ્પના સરખી મનમાં ન હોય અને દેશ-કાળ તથા પાત્ર જોઈ અપાયું હોય, તો તે સાત્ત્વિક દાન છે.

(૨૧૨) પ્રત્યુપકારની અપેક્ષાએ અથવા કોઈ ફળનો ખ્યાલ રાખી જે પરાણે અપાયું હોય છે તે રાજસ દાન છે.

(૨૧૩) દેશ-કાળ અને પાત્ર જોયા વિના તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિરસ્કાર અને અપમાન કરી જે અપાય છે તે તામસ દાન છે.

(૨૨૪) 'સત્' શબ્દના અનેક અર્થો થાય છે. સદ્-ભાવ, સાધુભાવ અને પ્રશસ્ત કર્મ એ ત્રણે માટે 'સત્' શબ્દ વપરાય છે. 'સત્' ભાવ તમામ હસ્તી સૂચવે છે, સાધુ ભાવ કલ્યાણકામના બતાવે છે અને પ્રશસ્ત કર્મ લોકકલ્યાણકારી પ્રવૃત્તિનો અભિપ્રાય ધરાવે છે.

(ધી ટ્રુ, ધી ગૂડ એન્ડ ધી બ્યુટિફુલ ઇન એક્શન.)

(૨૨૫) અશ્રદ્ધાથી જે કાંઇ કરીએ છીએ તે 'અસત્' છે. એ ઇહ લોકમાં પણ કામનું નથી અને પરલોકમાં પણ કામનું નથી. (પરલોક એટલે સનાતનકાલીન સામાજિક જીવન.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૮ મો

ત્યાગ–મીમાંસા

(૨૧૬) બધાં કામ્ય કર્મો છોડી દેવાં એ સંન્યાસ છે. તમામ કર્મોનાં ફળનો ત્યાગ કરવો એ ત્યાગ છે.

(૨૧૭) કર્મ માત્રનો ત્યાગ કરવો જોઈએ, કેમ કે દરેક કર્મ સદોષ છે એમ કેટલાક કહે છે, જ્યારે બીજા લોકો માને છે કે યજ્ઞ દાન અને તપ એ ત્રણ પ્રકારનાં કર્મ માણસથી છોડાય નહિ.

ગીતાની શિખામણ છે કે યજ્ઞ દાન અને તપ માણસને પવિત્ર કરનારાં હોવાથી એમનો ત્યાગ ન કરવો ઘટે, એટલું જ નહિ પણ એ કર્મો સંગ એટલે આસક્તિ છોડી અને ફળનો પણ આગ્રહ જતો કરી કરવાં જ જોઈએ. જે કર્મો વિહિત છે, નિયત છે, તેનો ત્યાગ તમોગુણી લોકો જ કરે છે.

(૨૧૮) અમુક કર્મો કરતાં તકલીફ પડે છે, શરીરને કષ્ટ વેઠવાં પડે છે, એ બીકે રજોગુણી વૃત્તિથી જ્યાં કર્મો છોડી દેવામાં આવે છે તે રાજસ ત્યાગથી ત્યાગનું ફળ મળતું નથી. અમુક કર્મ કરવું એ આપણો ધર્મ છે, એમ સમજી જે નિયત કર્મો કરાય છે તેની સાથે જો આસક્તિ અને ફળ એ છોડી દીધાં હોય તો તે સાત્ત્વિક ત્યાગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨૧૯) દેહધારી તમામ કર્મોનો ત્યાગ ન જ કરી શકે; એટલે કર્મફળનો ત્યાગ કરવો એ જ ત્યાગ છે.

(૨૨૦) માણસ શરીરથી, વાણીથી કે કર્મથી જે કાંઈ કર્મ કરે છે, તે યોગ્ય હોય કે અયોગ્ય, એનાં પાંચ કારણો હોય છે : અધિષ્ઠાન, કર્તા, જાતજાતનાં સરસ સાધનો (કરણ), ભિન્નભિન્ન વ્યાપાર અને દૈવ. આવાં પાંચ કારણો હોવા છતાં જે પોતાને જ કર્તા માની બેસે છે તે માણસ અસંસ્કારી બુદ્ધિવાળો છે; એની મતિ બગડી છે.

(૨૨૧) જેનામાં કશો અહંકાર રહ્યો નથી, જેની બુદ્ધિ નિર્મળ છે તેને હાથે હિંસા થાય જ શી રીતે ? એવા માણસને હાથે ત્રણે લોકોની હત્યા થઈ જાય તો યે એણે કોઈને માર્યો ન કહેવાય અને એ કર્મનું એને બંધન પણ નહિ થાય. માણસ પોતાના જ શરીર ઉપર જો ઑપરેશન કરે તો એણે હત્યા કરી એમ નથી થતું.

જ્ઞાન

(૨૨૨) જ્ઞાનના જે ત્રણ પ્રકાર બતાવ્યા છે તે મહત્ત્વના છે. તે બરાબર સમજી લેવા જોઈએ. જગતમાં અનંત વ્યક્તિઓ છે, અનંત વસ્તુઓ છે. એમની વચ્ચે અમુક ભેદનાં તત્ત્વો હોય છે અને અમુક અભેદનાં તત્ત્વો હોય છે. એમ જોવામાં આવ્યું છે કે અભેદનાં તત્ત્વો મહત્ત્વનાં, સ્થાયી અને ઘણાં હોય છે, જ્યારે ભેદનાં તત્ત્વો થોડાં, છીછરાં અને અસ્થાયી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જોયા પછી જે જે વસ્તુઓમાં ભેદ અને અભેદ બન્ને છે તેમાં ભેદનાં તત્ત્વો તરફ દુર્લક્ષ થવું અને અભેદનાં તત્ત્વો તરફ ધ્યાન જવું એ સાત્ત્વિક જ્ઞાનનું લક્ષણ છે.

(૨૨૩) સર્વ ભૂતોમાં જે અવ્યય ભાવ ઓતપ્રોત છે, વિભક્તોમાં જે અવિભક્ત તત્ત્વ છે, તે જ સાત્ત્વિક જ્ઞાન છે.

(૨૨૪) જે જ્ઞાનમાં ભેદ એટલે કે પાર્થક્ય, જુદાપણું અને વિવિધતા તરફ વધારે ધ્યાન જાય તે જ્ઞાન રાજસ છે.

(૨૨૫) અને જ્યાં અંશને જ સંપૂર્ણ મનાય છે, એકાંગી વસ્તુને સર્વાંગીણ મનાય છે અને એવા અભિપ્રાય પણ વગર કારણે પકડી રાખવામાં આવે છે એવું તત્ત્વાર્થશૂન્ય અને અલ્પ જ્ઞાન એ તામસ છે.

કર્મ

(૨૨૬) જે કર્મ કર્તવ્ય તરીકે આસક્તિ વગર કરાય છે, જેની પાછળ રાગદ્વેષ નથી હોતો તેમજ ફળની આશા પણ નથી હોતી. તે સાત્ત્વિક કર્મ છે.

(૨૨૭) જે કર્મ વાસનાથી. અહંકારથી અને મહામહેનતે કરવામાં આવે છે, તે રજોગુણી હોય છે.

(૨૨૮) જે કર્મ કરતાં આગળપાછળનો સંબંધ ધ્યાનમાં નથી લેવાતો, જે કરવા માટે પોતાની પૂરતી શક્તિ છે કે નહિ એનો વિચાર નથી કરવામાં આવતો તેમજ એમાં હિંસા કેટલી છે, દુનિયાનો નાશ કેટલો છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો પણ વિચાર નથી હોતો, અને કેવળ મોહથી શરૂ કરવામાં આવે છે, તે તામસ કર્મ છે.

કર્તા

(૨૨૯) જે કર્તા સંગરહિત છે, અહંકારરહિત છે, ધૈર્ય અને ઉત્સાહથી ભરપૂર છે અને સિદ્ધિ અને અસિદ્ધિની બાબતમાં નિર્વિકારી છે, તે કર્તા સાત્ત્વિક ગણાય.

(૨૩૦) જે કર્તાનાં હર્ષશોક ગયાં નથી, જે હિંસાત્મક છે, મલિન છે, આસક્ત છે અને કર્મફળનો લોભી છે, તે કર્તા રાજસી છે.

(૨૩૧) જે કર્તા યોગયુક્ત નથી, સંસ્કારી નથી, પણ અભિમાની, શઠ, આળસુ, વિષાદી અને દીર્ઘસૂત્રી છે, તે તામસી કહેવાય.

બુદ્ધિ

'સત્' અને 'અસત્' એ બે વચ્ચે જે વિવેક કરે, ભેદ ઓળખે તે બુદ્ધિ.

(૨૩૨) પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય તેમજ અકાર્ય, ભય અને અભય, બંધ તેમજ મોક્ષ આ બબ્બે વચ્ચેનો ભેદ જે બરાબર જાણે છે, તે બુદ્ધિ સાત્ત્વિક કહેવાય.

(૨૩૩) જે બુદ્ધિ ધર્મ અને અધર્મ, કાર્ય અને અકાર્ય–કરવા જેવું અને ન કરવા જેવું–વચ્ચેનો ભેદ સમજે તો છે, પણ બરાબર રીતે નહિ, તે બુદ્ધિ રાજસી છે.

(૨૩૪) અને જે બુદ્ધિ તમોગુણથી ઘેરાયેલી હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધર્મને જ ધર્મ સમજે છે અને બધી વસ્તુઓ ઊંધી સમજે છે, તે તામસી છે.

ધૃતિ

લાડુમાં કણકને એકત્ર રાખનાર જેમ ઘી હોય છે, પથરાને એકત્ર બાંધનાર જેમ ચૂનો કે સિમેંટ હોય છે, તેવી જ રીતે જે શક્તિ વડે વ્યક્તિઓ એકબીજાને વળગી રહે છે અને તમામ વસ્તુઓ મળીને સંગઠિત બને છે, તે શક્તિનું નામ ધૃતિ છે. धारणात् धृतिः ।

(૨૩૫) જે ધૃતિથી મન પ્રાણ અને ઇંદ્રિય એ બધાંની ક્રિયાઓ એકાગ્ર યોગથી એકસામટી ચાલે છે તે ધૃતિ સાત્ત્વિક છે.

(૨૩૬) જે ધૃતિ વડે માણસ ધર્મ અર્થ અને કામને બાંધી રાખે છે અને જે ફળની આકાંક્ષા રાખે છે તે ધૃતિ રાજસી છે.

(૨૩૭) અને જે ધૃતિને કારણે માણસ સ્વપ્ન ભય શોક વિષાદ અને મદ છોડતો જ નથી અને દુર્બુદ્ધિથી એમને પકડી જ રાખે છે એ ધૃતિ તામસી છે.

સુખ

(૨૩૮) ફરીફરી અનુભવ કરવાથી જેમાં રસ પડે છે અને જેથી દુઃખનો અંત આવે છે તે જ સાચું સુખ.

(૨૩૯) જે પ્રારંભે ઝેર જેવું કડવું લાગે છે, પણ જેનાં ફળ મીઠાં હોય છે અને જે આત્મા અને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિની પ્રસન્નતામાંથી ઉત્પન્ન થયેલું હોય છે તે સાત્ત્વિક સુખ છે.

(૨૪૦) ઇંદ્રિયોના એમના વિષયો સાથેના સંયોગને લીધે જે ઉત્પન્ન થાય છે, જે પ્રારંભે અમૃત જેવું મીઠું લાગે છે પણ પરિણામે ઝેર જેવું નીવડે છે તે રાજસી સુખ છે.

(૨૪૧) અને જે નિદ્રા આલસ્ય અને પ્રમાદમાંથી ઉત્પન્ન થાય છે અને પ્રારંભમાં તેમજ તેના તમામ અનુબંધોમાં આત્માને મોહમાં નાખે છે તે તામસ સુખ છે.

(૨૪૨) આમ ઇહલોકમાં કે પરલોકમાં આ ત્રણ ગુણોથી મુક્ત એવું કશું જ નથી.

(૨૪૩) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ચારે વર્ણોમાં જે જે સ્વભાવનો ઉત્કર્ષ છે તે તે પ્રમાણે તેમનાં કર્મો વહેંચી આપેલાં છે.

(૨૪૪) પઠનપાઠન, યજનયાજન અને દાન-પ્રતિગ્રહ એ બ્રાહ્મણોનાં છ કર્મો આપવાને બદલે ગીતાએ બ્રાહ્મણોના ખાસ સદ્‌ગુણોનો, ચારિત્ર્યનો અથવા ટેકનો ઉલ્લેખ કર્યો છે. ગીતાકાળના બ્રાહ્મણો યુદ્ધ પણ કરતા અને રાજ્ય પણ ચલાવતા; ગાયો પાળતા પણ ખરા અને ક્ષત્રિયો સાથે ભળીને લૂંટતા પણ ખરા. તમામ વર્ણોના ગુરુ હોઈ એઓ બધાં જ કર્મોમાં અને હુન્નરો-માં કુશળ હશે. બ્રાહ્મણો વેદનું તો કરતા જ હતા, એટલે ગીતાએ કેવળ બ્રાહ્મણોના ટેકની વાત કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શમ દમ તપ શૌચ ક્ષમા અને આર્જવ (સરળપણું), જ્ઞાન વિજ્ઞાન અને આસ્તિક્ય એટલા ગુણો બ્રાહ્મણ માટે સ્વાભાવિક છે. આને જ ગીતાએ બ્રહ્મકર્મ કહ્યું છે!

(૨૪૫) ક્ષાત્રકર્મ નીચે પ્રમાણે છે: શૌર્ય, તેજસ્વિતા, પ્રતિકૂળ પરિસ્થિતિમાં ટકવાની શક્તિ, કોઈ પણ ઠેકાણે ગાફેલ ન રહેતાં દક્ષ રહેવાનો સ્વભાવ, કાયર બની યુદ્ધમાંથી નાસી ન જવાની ટેક, દાનશીલતા અને રાજત્વના (પ્રભુપણાના) ગુણો એ બધું ક્ષત્રિયોમાં હોવું જોઈએ.

(૨૪૬) કૃષિ, ગોપાલન અને વણજારાનો ધંધો એ વૈશ્યો માટે સ્વાભાવિક છે.

જ્યારે શૂદ્રો માટે બીજાની સેવા અથવા પરિચર્યા એ જ સ્વધર્મ અને સ્વકર્મ છે.

(૨૪૭) સમાજવ્યવસ્થા પ્રમાણે પોતાને ભાગે જે કામ આવ્યું હોય તેમાં જ પરોવાયેલા રહેવાથી માણસ જીવનનું સાફલ્ય મેળવી શકે છે.

(૨૪૮) તે કેવી રીતે તે નીચે આપ્યું છે:

માણસ ધારે તો પોતાના સ્વધર્મ કર્મને જ પ્રભુની અર્ચના બનાવી શકે. જેનામાંથી આ ભૂત માત્ર ઉત્પન્ન થયું છે અને જેણે આ આખું વિશ્વ વ્યાપ્યું છે તે વિશ્વપ્રભુની સ્વકર્મપાલનરૂપી પૂજા કરવાથી માણસને સિદ્ધિ મળે છે.

(૨૪૯) સમાજવ્યવસ્થામાં પોતાને ભાગે આવેલ કામ તુચ્છ હોય, સદોષ હોય, તો યે તેનું જ પાલન કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. બીજાનું કામ આપણને સરસ રીતે કરતાં આવડે તોયે તેના લોભમાં ન પડવું. પોતાને ભાગે આવેલું કામ સ્વધર્મ સમજીને કરવાથી એમાં દોષ હોય તોયે એનું પાપ આપણને લાગતું નથી.

(૨૫૦) આ સૃષ્ટિની વ્યવસ્થામાં એક કર્તવ્યનું પાલન કરવા જતાં બીજે કયાંક દ્રોહ થવાનો સંભવ છે. જેમ અગ્નિ સાથે ધુમાડો છે જ તેમ સામાજિક કર્મ સાથે કયાંક દ્રોહ રહેલો છે જ. એવો દોષ દેખાતો હોય તોયે સામાજિક કર્તવ્ય છોડાય નહિ. સમાજને અર્થે–સર્વહિતને અર્થે કરેલું કામ ધર્મ સમજીને કરતાં પાપ નથી થતું.

(૨૫૧) જે માણસે પોતાનું મન જીત્યું છે, બધી જાતની વાસના છોડી છે, બુદ્ધિ નિર્લેપ કરી છે, તે માણસ સંન્યાસવૃત્તિને કારણે નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત કરે છે. (કર્મ કરતાં છતાં એના બંધનમાં ન સપડાવું એને નૈષ્કર્મ્યસિદ્ધિ કહે છે. એ જેને પ્રાપ્ત થઈ તે હંમેશાં નિષ્પાપ રહે છે.)

(૨૫૨) આની સાધના હવે આપે છે: શુદ્ધ બુદ્ધિ કેળવી, ધીરજ સાથે પોતા ઉપર કાબૂ મેળવી, શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ આદિ વિષયોનો ત્યાગ કરી, રાગદ્વેષને પરહરી. જે માણસ એકાંતમાં જાય, બોલવામાં સંયમ રાખે એટલે કે દરેક જાતના વિષયસેવનમાં મર્યાદા રાખે, શરીર અને મનને કાબૂમાં રાખે, ધ્યાનમાં મગ્ન રહે અને હંમેશાં વૈરાગ્ય ધારણ કરે, અહંકાર–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલ-દર્પ-કામ-ક્રોધ અને પરિગ્રહ એ બધાં છોડીને લોભરહિત શાંત થઈ જાય, તો એને બ્રહ્મપ્રાપ્તિ થાય જ છે.

(૨૫૩) આવી રીતે જે બ્રહ્મભૂત થયો છે તે હંમેશાં પ્રસન્ન હોવાથી ન કશાની આશા કરે છે કે ન કશાનો શોક કરે છે. તમામ ભૂતો પ્રત્યે સમાનતા ધારણ કરવાથી એ મારી નિષ્કામ ભક્તિ કરી શકે છે.

એ ભક્તિ વડે એ મને પૂર્ણપણે તત્ત્વતઃ ઓળખે છે અને મને ઓળખી શકવાથી યથાકાળે મારામાં એ પ્રવેશ કરે છે.

આવી રીતે મારો આશ્રય મળ્યો એટલે પોતાનાં બધાં વિહિત કર્મો કરતો છતો મારી કૃપાથી શાશ્વત અને અવ્યય એવું સ્થાન એ પામે છે.

(૨૫૪) જે માણસ પોતાનું ચિત્ત મારામાં પરોવે છે તે મારા પ્રસાદને કારણે બધાં સંકટો તરી જાય છે.

માણસ જો અહંકારને લીધે ઈશ્વરની પ્રેરણાને અનુકૂળ ન થાય, તો એનો નાશ થાય છે.

(૨૫૫) ઈશ્વરની યોજનાને અનુકૂળ ન થવાનો પ્રયત્ન માણસ કરે તો યે અંતે એનું કશું ચાલતું નથી. એનો સ્વભાવ જ એને એનાં સ્વકર્મ તરફ ઘસડી લઈ જાય છે. માણસ જીદને લીધે કે મોહને લીધે જે કરવાની ના પાડે છે તે સ્વભાવને કારણે લાચાર થઈને કરે જ છે.

(૨૫૬) ઈશ્વર બધાંના હૃદયમાં વસીને લોકો પાસેથી તેમનાં કામો કરાવે છે. જેમ કળસૂત્રનાં પૂંઠાં ઉપર ગોઠવેલી મૂર્તિઓ એની મેળે ચકરચકર ફરે છે તેવી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે માણસ સ્વભાવથી બાંધેલો પોતાનાં કામો, મન હોય કે ન હોય, કરે જ છે.

(૨૫૭) આવી રીતે બધા પાસેથી એમનાં કામો કરાવનાર ભગવાનને જ આપણે શરણ જઈએ તો એની કૃપા વડે આપણને શાંતિ પણ મળશે અને શાશ્વત સ્થાન પણ મળશે.

(૨૫૮) માણસને એનું કર્તવ્યકર્મ પૂરેપૂરું સમજાવ્યા પછી, કેમ વર્તવું એ બાબતમાં ઈશ્વર એને પૂર્ણ સ્વતંત્રતા આપે છે; એટલે જ ગીતાને અંતે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે: આ ગુહ્યમાં ગુહ્ય જ્ઞાન મેં તને આપ્યું તેનો પૂરેપૂરો વિચાર કરી તને જેમ ઠીક લાગે તેમ કરજે.

(૨૫૯) ગીતાનો આખો બોધ આપ્યા પછી જે મહત્ત્વની વાત અર્ધે રસ્તે એટલે કે નવમા અધ્યાયને અંતે ભગવાને કહી હતી તે જ ફરીવાર કહે છે: તારું મન મારામાં પરોવ, મારો ભક્ત થા, મારે માટે યજ્ઞ કર, મને નમસ્કાર કર. તું મને પ્રિય છે એટલે તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે આમ કરવાથી તું મારામાં સમાઈ જઈશ.

(૨૬૦) બધા ધર્મોને છોડી દઈ મારે એકલાને શરણે આવ. હું તને તમામ પાપોમાંથી મુક્ત કરીશ. તું ચિંતા કરીશ નહિ. (બધા ધર્મો એટલે હિંદુ બૌદ્ધ જૈન શીખ વગેરે ધર્મો નહિ, પણ દેશધર્મ કુળધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિધર્મ વયોધર્મ શરીરધર્મ કાળધર્મ આપદ્ધર્મ ઇત્યાદિ.) એ બધા ધર્મો છોડી એક શરણાગતિનો ધર્મ રાખ્યો હોય તો માણસનો ઉદ્ધાર થયો જ છે.

(૨૬૧) ગીતાશાસ્ત્ર જેવા રહસ્ય જ્ઞાન અને કર્તવ્યની સમજણ ગમે તેવા માણસ આગળ મુકાય નહિ. જે તપસ્વી નથી, ભક્ત નથી, શ્રદ્ધાપૂર્વક સાંભળવાની જેની દાનત નથી, તેવો માણસ આવાં શાસ્ત્રનો ઊંધો જ અર્થ કરવાનો. જે પોતાના ગુરુની અસૂયા કરે છે તેને પણ ધર્મશાસ્ત્ર સદ્દતું નથી. એ દરેક વાતનો અવળો જ અર્થ કરશે.

(૨૬૨) ગીતાને અંતે ભગવાન અર્જુનને પૂછે છે કે આ બધું એકાગ્ર મનથી તેં સાંભળ્યું ? તારો અજ્ઞાન-જનિત મોહ નષ્ટ થયો ? અર્જુન કબૂલાત આપે છે કે મારો મોહ નષ્ટ થયો છે; મને ભાન આવ્યું છે; તારી કૃપા વડે હું સંદેહમાંથી મુક્ત થયો છું; હવે જેમ કહીશ તેમ કરીશ.

અર્જુનનો વિષાદ ગયો અને એને ઠેકાણે એને પ્રસાદ મળ્યો.

(૨૬૩) ગીતાને અંતે ગીતાકાર વ્યાસજી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે : જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને ધનુર્ધર પાર્થ છે, ત્યાં શ્રી વિજય કલ્યાણ અને ધ્રુવ નીતિ હોવાનાં જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો–મૂળ તથા અનુવાદ

સર્વવેદાંત–સિદ્ધાંતસાર–સંગ્રહ–શ્રીશંકરાચાર્યકૃત ૧–૪
સ્તોત્ર સંગ્રહ–શ્રીશંકરાચાર્યકૃત ભક્તિ ને વેદાંત–સ્તોત્રો ૦–૧૦
શતશ્લોકી અને બીજાં ચાર રત્નો–શ્રીશંકરાચાર્યકૃત ૦–૧૨
બળવાન બનો !–કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ ૦–૮
એકાદશ સ્કંધ–મૂળ સહિત સરળ ભાષાંતર ૧–૪
વિવેકચૂડામણિ–શ્રીમત્ શંકરાચાર્યકૃત : મૂળ શ્લોકો
તથા સરળ ભાષાંતર ૦–૧૨
જીવન્મુક્તિવિવેક–મુક્તિ માટે માર્ગદર્શન આપતો ગ્રંથ ૧–૪
અષ્ટાવક્રગીતા–શ્લોકો તથા સરળ અર્થ ૦–૮
મહાવાક્ય રત્નાવલિ–સરળ અર્થ સાથે ૦–૧૨
ઉપનિષદો–૧૧૨–ત્રણ ગ્રંથોમાં ... ...
એકાદશ ઉપનિષદો–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૨–૮
બૃહદારણ્યક–મૂળ શ્લોકો સાથે સરળ ભાષાંતર ... ૧–૮
સો ઉપનિષદો–૨૩ મૂળ સાથે સરળ ભાષાંતર અને
૭૭ ઉપનિષદોનું ભાષાંતર–સારરૂપે ૪–૦
વિદુરનીતિ–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૦–૧૨
મનુસ્મૃતિ–સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત ... ૩–૦
આર્યધર્મનીતિ ને ચાણક્યનીતિસાર–પસંદ કરી
ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો, સરળ અર્થ સાથે... ૦–૮
વિષ્ણુસહસ્રનામ–વિષ્ણુનાં હજાર નામો, અર્થ સાથે... ૦–૪

શાસ્ત્રગ્રંથો–માત્ર અનુવાદ

યોગવાસિષ્ઠ મહારામાયણ–ચાર દળદાર ગ્રંથોઃ
વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને
નિર્વાણ–એ છ પ્રકરણો–મોટા અક્ષરોમાં ... ૧૨–૦
લઘુ યોગવાસિષ્ઠ–બૃહદ્ યોગવાસિષ્ઠના સારરૂપ પુસ્તક ૨–૮
વિચારસાગર–વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક ... ૨–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ ભાગવત–એ ગ્રંથમાં–ભાષાંતર, ૨૭ ચિત્રો સાથે ૮–૦
,, ,,–ભાગ બીજો–(આવૃત્તિ ૮મી) છૂટક મળશે. ૩–૦
ભગવતી (દેવી) ભાગવત–સરળ ભાષાંતર, મોટા અક્ષરો ૬–૦
મહાભારતનું શાંતિપર્વ–રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ–ચાર વર્ણ, આશ્રમના સામાન્ય ધર્મો ૪૦ ૭–૮
સંપૂર્ણ મહાભારત (ભાષાંતર)–દળદાર સાત ગ્રંથોમાં ૪૫–૦

અન્ય ધાર્મિક ગ્રંથો.

આત્મસાક્ષાત્કારની કસોટી–સ્વામી સ્વયંજ્યોતિતીર્થ ૧–૪
ધમ્મપદ–મૂળ તથા ભાષાંતર-પં. ખેચરદાસ દોશીની ટીકા સાથે ૧–૦
આત્મરામાયણ–રામાયણનું ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન સમજવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક ... ૦–૧૨
પરમાનંદની પ્રાપ્તિ (શુદ્ધાદ્વૈત મતથી બ્રહ્મનું નિરૂપણ કરતું પુસ્તક)–વૈષ્ણવો માટે ખાસ ઉપયોગી ... ૧–૮
પરમ સુખી થવાના ઉપાય–શ્રીમન્નયુરામ શર્માનાં ધાર્મિક વ્યાખ્યાનોનો ઉપયોગી સંગ્રહ ... ૨–૦
પ્રભુમય જીવનનું રહસ્ય–મહાપુરુષોના ઉપદેશની વાનગી તથા ભજનો ઇત્યાદિ ૧–૦
વિવેકાનંદસાર–વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપે વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ... ૨–૦
સ્વરૂપવિચાર–ગુરુ–શિષ્યના સંવાદરૂપે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ૦–૧૦
તુકારામ–ગાથા–એ ગ્રંથોમાં–પ્રભુપ્રેમ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર ૬–૦
સ્વામી રામતીર્થના સદુપદેશો–આત્મકૃપા, બ્રહ્મચર્ય, રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે? વગેરે બાબતો સમજવતાં—
વ્યાખ્યાનો ઇત્યાદિ (ગ્રંથ ૧લા રૂપે) ... ૨–૮
સદુપદેશો (ગ્રંથ ૩જા રૂપે) ૨–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદના ઉપદેશો–ધર્મ એટલે શું ? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપ્રશ્ન, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇત્યાદિ
સદુપદેશો (ભાગ ૪–૫ રૂપે)–આવૃત્તિ રજી ... ૨–૪

ભક્તિયોગ આવૃત્તિ રજી (ભાગ ૮મા રૂપે) ૧–૮
પાતંજલયોગ ને જ્ઞાનયોગ-(ભાગ ૧૦–૧૧ રૂપે) ૨–૦

પાતંજલ–યોગસૂત્ર–ભગવાન પતંજલિનાં યોગસૂત્રો, અર્થ તથા સ્વામી વિવેકાનંદના વિવેચન સાથે ... ૧–૦

જ્ઞાનયોગ–આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી વગેરે ઉપર સ્વામી વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો ૦–૧૨

રાજયોગ (સ્વામી વિવેકાનંદકૃત)–સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, ઇત્યાદિ... ... ... ૦–૧૨

આખ્યાનમાળા–એ ગ્રંથમાં–સ્વ૦ અનંતપ્રસાદકૃત ઋષિ–મુનિઓ તથા દેવ–દેવીઓનાં કુલ ૪૩ આખ્યાનોનો ઉત્તમ સંગ્રહ ૬–૦

વૈદિક વિનય–દરરોજના સ્વાધ્યાય માટે પસંદ કરી ચૂંટેલા ૩૬૦ વેદમંત્રો, ભાષાંતર તથા વિસ્તૃત સમજૂતી સાથે ૩–૧૨

ઉપદેશ–સાર–સંગ્રહ–મહાત્મા તિરુવલ્લુવરના ઉપદેશો ૧–૮

સુબોધરત્નાકર–ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ ટૂંકાં દૃષ્ટાંતો ૧–૮

વિભુની વાટે અને રામાયણની રત્નપ્રભા–ગુરુ–શિષ્યના સંવાદરૂપે બોધ અને યુગતુલના ૦–૪

રામાયણો

ગિરધરકૃત રામાયણ–કવિ ગિરધરદાસકૃત રાગ–રાગણીમાં ૪–૮
માનસ રામાયણ–બે ભાગમાં, દુહા–ચોપાઈ હિંદી લિપિમાં અને અર્થ ગુજરાતીમાં (૩૦ ચિત્રો) ... ૭–૦
તુલસીકૃત રામાયણ–બે ભાગમાં, દુહા–ચોપાઈ ગુજરાતી લિપિમાં અર્થ સાથે (૩૬ ચિત્રો) ... ૭–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

„ „ –ભાગ રજો–આવૃત્તિ ૭મી ૩–૦
વાલ્મીકિ રામાયણ–નવી આવૃત્તિ છપાશે.
„ „ –ભાગ બીજો (આવૃત્તિ ત્રીજી છૂટક મળશે.) ૩–૦

ભગવદ્ગીતાઓ.

પુરુષાર્થબોધિની ગીતા–ત્રણ ગ્રંથોમાં મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને પં. સાતવલેકરજીની પુરુષાર્થ–બોધિની ટીકા સાથે : ૧૧–૦
શ્રીજ્ઞાનસત્ર ગીતા–મૂળ શ્લોકો, ગુજરાતી પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે ૧–૪
શ્રીજ્ઞાનસત્ર ગીતા–ગુજરાતી લિપિમાં ગીતાના શ્લોકો, પદચ્છેદ તથા તેના શબ્દાર્થ સાથે ... ૧–૪
શ્રીમદ્ ભગવદ્ગીતા–મોટા અક્ષરમાં સરળ અર્થ સાથે ૦–૧૨
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–જ્ઞાનેશ્વર મહારાજે લખેલી અનેક દાખલા–દૃષ્ટાંતથી ગીતા સમજાવતી 'ભાવાર્થ–દીપિકા' નામની ટીકા, સરળ અર્થ સાથે ૪–૦
શ્રીમદ્ ભગવદ્ગીતા–મૂળ શ્લોકો સાથે સરળ ભાષાંતર, ગુટકા કદની, બોર્ડપટ્ટીનાં પૃઠાં ... ૦–૮
„ „ –ગુજરાતી લિપિમાં શ્લોકો સાથે સરળ ભાષાંતર, ગુટકા કદની, બોર્ડપટ્ટીનાં પૂંઠાં ૦–૮
શ્રીમદ્ ભગવદ્ગીતા–માત્ર ગુજરાતી ભાષાંતર આવૃત્તિ ૨૦મી, બોર્ડપટ્ટીનાં પૃઠાં ૦–૪
(માત્ર સંસ્કૃતમાં પાઠ કરનારા માટે)

મૂળ-મૂળ ભગવદ્ગીતા–
મોટા અક્ષરમાં ... ૦–૧૦ | મધ્યમ અક્ષર ... ૦–૫
મૂળ-મૂળ પંચરત્ન ગીતા–
મોટા અક્ષરમાં ... ૦–૧૪ | મધ્યમ અક્ષર ... ૦–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનચરિત્રો

સ્વામી સહજાનંદ–ચરિત્ર ને ઉપદેશો ૧–૮
સાંઈબાબા–શિરડીના પ્રખ્યાત સંતનું ચરિત્ર ૩–૦
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના ઉપદેશો સાથે ૩–૦
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં, વિસ્તૃત ચરિત્ર ... ૬–૮
જ્ઞાનેશ્વર મહારાજ ને **મહાત્મા એકનાથ**–બે ચરિત્રો ૨–૮
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્‌ભુત ચરિત્ર ... ૨–૮
સ્વામી વિવેકાનંદ–વિસ્તૃત ચરિત્ર ૩–૦
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર ૨–૮
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને **શિવાનંદજી**નાં ચરિત્રો ૧–૬
શ્રીરામચંદ્ર દત્ત ને **નાગ મહાશય**નાં ચરિત્રો ૧–૦
મહાત્મા સરયુદાસજી, ભૂધર ભક્ત ને **જાનકીદાસજી**નાં ચરિત્રો } ૦–૧૦
ભક્તચરિત્ર–નામાંકિત ભક્તમાળમાં નહિ આવેલાં ૨૯ ભક્તોનાં અદ્‌ભુત અને પ્રેરણાદાયી ચરિત્રો ... ૨–૮
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ રજો–દેશ–પરદેશના મહાન પુરુષોનાં બોધક ૭૦ ટૂંકાં ચરિત્રો ૨–૮
ભારતના વીર પુરુષો–મધ્યયુગમાં થઈ ગયેલા ઐતિહાસિક ૪૦ ભારતીય વીર પુરુષોનાં ચરિત્રો ૧–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રજપૂત-યુગના નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત ... ૧–૦
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો–દરેક સંતના ઉપદેશ સાથે ૨–૪

સંતવાણી, ભજનો ઇત્યાદિ

કર્મગાથા–કર્મની શ્રેષ્ઠ ભાવના સૂચવતો કાવ્યસંગ્રહ ૧–૦
પરિચિત પદસંગ્રહ–પસંદ કરી ચૂંટેલાં ૬૯૭ ભજનો ૧–૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાં ને નરસિંહ-સં૦ : ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દ્વિવેદિયા : પસંદ કરેલાં ૧૬૩ ભજનો તથા પદો ૦-૧૨

ભજનસાગર–જુદાજુદા ભક્તોનાં ૬૩૧ ઉત્તમ ભજનોનો સૌથી મોટો ને સસ્તો સંગ્રહ ૨-૮

અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ તથા સુધારા-વધારા સાથેની ત્રીજી આવૃત્તિ ૩-૦

પ્રીતમદાસની વાણી–ઘોળ, છપ્પા, કક્કા, ગહિના ઇત્યાદિનો સંગ્રહ ૨-૮

દીવાને સાગર–પ્રભુપ્રાપ્તિ અને જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતો સ્વ૦ **'સાગર'**ની ગઝલોનો સંગ્રહ ૪-૮

તુકામ્હણે–સંત તુકારામના અભંગોમાંથી ખાસ પસંદ કરેલા અભંગોનો સંગ્રહ (મરાઠીમાં)... ૦-૫

સ્ત્રી તથા બાળોપયોગી ગ્રંથો.

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ ઇ૦ અનેક વિષયો ૧-૮

કલ્યાણમયી–(આવૃત્તિ ૨જી), વાર્તાના સ્વરૂપમાં; સ્ત્રી-ઉત્કર્ષની ભાવનાને રજૂ કરતો ગ્રંથ ... ૧-૦

શ્રીશારદામણિ દેવી–ટૂંકું ચરિત્ર ૦-૮

ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથો : પ્રાચીન તથા અર્વાચીન ૫૨૮ સતીઓનાં ચરિત્રોનો સૌથી મોટો સંગ્રહ ૯-૦

ટૂંકી વાતો-ગ્રંથ ૧લો–સામાજિક નિર્દોષ ૬૬ વાતો ૨-૮

,, –૨જો–કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો ૨-૮

,, –૫મો–સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો ૨-૮

,, –૬ઠ્ઠો–સર્વ માટે ઉપકારક ૮૬ વાતો ૨-૮

બાલભારત–(સચિત્ર)–સંક્ષિપ્ત 'મહાભારત'... ... ૧-૮

બિરબલ અને બીજા–સે૦ જ્યોતીન્દ્ર દવે : બાદશાહ અને બિરબલ તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ ૧-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્‌ગુણી બાળકો–૬૯ બરા બનાવોનો સંગ્રહ ... ૦–૮
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ... ૦–૪
સુબોધક નીતિકથા–બાળોપયોગી ૧૫૨ બોધપ્રદ વાતો ૦–૮
બાળકોની વાતો–ભાગ ૧લો : બોધપ્રદ ૨૧ વાતો ૦–૬
„ –ભાગ ૨જો : બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૦–૮
સુબોધપુષ્પવાટિકા–મહાત્મા શેખ સાદીકૃત, રાજાની તથા ત્યાગીની રહેણીકરણી, મૌનનો મહિમા, શિક્ષણનું ફળ ઇત્યાદિ અનેક ઉપદેશો ... ૦–૫

આરોગ્ય અને વૈદક

બોરાકના ગુણદોષ–આયુર્વેદની દૃષ્ટિએ–લેખક : ડૉ. રસિકલાલ જે. પરીખ : રોજના બોરાક માટે માર્ગદર્શન આપતું પુસ્તક ૦–૧૦
ઔષધિ–કલ્પલતા–જડ અને હઠીલા રોગો ઉપર ૪૩ વનસ્પતિઓના સેવન વિષે સમજૂતી... ... ... ૦–૧૨
આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ—અનેક વનસ્પતિઓના ગુણ–દોષ તથા તેમના ઉપયોગ, તેમ જ રોગો,તેમનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૬–૦
બારોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–મ૦ ગાંધીજીકૃત : શરીરરચના, હવા, પાણી, બોરાક, કસરત, કપડાં વ૦ ૦–૮
વૈદક સંબંધી વિચારો–બે ભાગમાં, બારોગ્ય અને વૈદકના ઉપયોગી ૨૯૧ લેખોનો સંગ્રહ ૩–૧૨
આયુર્વેદ નિબંધમાળા–ભાગ ૧લો તથા ૨જો : વૈદ્ય તિલકચંદ તારાચંદકૃતઃ આયુર્વેદ પ્રમાણે અનેક રોગો, તેમનાં લક્ષણ, કારણો અને તેમના સચોટ ઉપચારો બતાવતા બે ગ્રંથો... ... ... ૪–૪

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોફસ નં. ૫૦, **અમદાવાદ** અને
બાજાજી રોડ, કાપડ બજાર, **રાજકોટ** એ બે સરનામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય એવું સાહિત્ય જૂજ કિંમતમાં આપવાના ઉદ્દેશથી આ શ્રેણી શરૂ કરવામાં આવી છે. સુખી ગૃહસ્થોની જેમ ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે સારાં પુસ્તકોની નાની શી લાયબ્રેરી ઘરમાં વસાવી શકે એવો આશય છે.

આ શ્રેણીમાં દર મહિને નવાં ઉપયોગી પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. હાલ (ફેબ્રુઆરી, ૧૯૪૭ સુધીમાં) નીચે પ્રમાણે પુસ્તકો મળે છે:–

ધર્મ અને તત્ત્વજ્ઞાન

ગીતાપોથી–કર્મયોગના ૧૨૫ શ્લોકો અર્થ સાથે ... ૦–૬
ગીતાસંકલન–સં૦ રમણ મહર્ષિ : ૦–૩
પ્રેમપંથ–લે૦ ગાંધીજી ૦–૩
મણિરત્નમાળા–સરલ અર્થ સાથે ૦–૧૫
જ્ઞાન અને કર્મ–લેખક : સ્વામી અદ્વૈતાનંદ ૦–૩
પરમ પુરુષાર્થ–લેખક : ,, ,, ... ૦–૬
આર્ય, બુદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય } લે. પં. ભેચરદાસ દોશી ૦–૩
નારદનાં ભક્તિસૂત્રો–મૂળ શ્લોકો સરળ અર્થ સાથે ... ૦–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનનાં ઝરણાં–૨જી આવૃત્તિ: લે૦ સ્વામી માધવતીર્થ ૦–૩
શ્રીમદ્ ભગવદ્ગીતા–૧૨મો તથા ૧૫મો અધ્યાય ... ૦–૩
રામકૃષ્ણવાર્તાલાપ–બોધક પ્રસંગો ૦–૬
શ્રીરામકૃષ્ણના ઉપદેશો–ટૂંકા અને સચોટ ઉપદેશો ૦–૫
વિચાર–સૂર્યોદય– ,, ,, ,, ... ૦–૩
કણ્ઠાભરણમ્–પ્રાર્થનામંત્રો–શ્લોકો (અર્થ સાથે) ૦–૩
ઉચ્ચ જીવન–લેખક : ડૉ. હરિપ્રસાદ વ્ર૦ દેસાઈ ... ૦–૩
ધ્યાન અને જ્ઞાન–લેખક : સ્વામી માધવતીર્થ ૦–૩
ઉત્તરગીતા–મૂળ શ્લોકો સાથે ૦–૬
મદાલસા અને અલર્ક–ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ૦–૫

ચરિત્રો ને પ્રસંગ–ચિત્રો

સ્વામી રામતીર્થ–લે૦ પ્રફુલ્લ પ્રા. ઠાકોર.
સંક્ષિપ્ત જીવન વૃત્તાંત કિશોરો માટે પ્રેરણાદાયી છે. ૦–૪
સતી સાવિત્રી–સત્યવાન ને સાવિત્રીની રોચક કથા .. ૦–૩
જેસલ અને તોરલ તથા **જલંધર** ને **ગોપીચંદ**–
લે૦ સ્વ૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ૦–૩
મૈનાવતી ને **ગોપીચંદ** તથા **ભર્તૃહરિ** ને **વિક્રમ**–
લે૦ સ્વ૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ૦–૩
ભક્તરાજ હનુમાન–ટૂંકું ચરિત્ર ૦–૬
શ્રીમત્ શંકરાચાર્ય (સચિત્ર)–લે૦ પુરાતન બુચ ... ૦–૩
શ્રીતૈલંગસ્વામી, વિશુદ્ધાનંદ, પૌહારીબાબાનાં ચરિત્રો ૦–૪
બાળકોના વિવેકાનંદ–બાળોપયોગી ટૂંકું ચરિત્ર ... ૦–૪
ભગવાન બુદ્ધ (સચિત્ર)–લે૦ પુરાતન બુચ ૦–૪
અબજી બાપા–આદર્શ સંત ૦–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત કબીર–બોધદાયક ચરિત્ર–લે૦ પુરાતન મુનિ ... ૦–૩
નાનભટ્ટ બાપા–(એક આદર્શ વૈદ્ય) ૦–૩

વાર્તાઓ–નાટકો

ધાવણની ધાર ને બીજી વાતો–લે૦ ચુનીલાલ મડિયા ૦–૩
કાળમુખી ને બીજી વાતો–લેખક „ „ ૦–૩
સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા––બે નાટિકાઓ ... ૦–૩
કેરીની મોસમ–લે૦ 'શયદા' : ૭ રસભરી વાર્તાઓ ૦–૫
અણોજો અને **નવું રેલવે સ્ટેશન**–ચુનીલાલ વ૦ શાહ ૦–૪
જીવનનો મર્મ–લે૦ 'સોપાન' ૦–૬
નવજવાન–લે૦ „ ૦–૪
અહિંસાનું રહસ્ય–લે૦ „ ૦–૪
એ વૃદ્ધ પુરુષ!–લે૦ „ ૦–૪
આશાને અજવાળે–લે૦ „ ૦–૪

કટાક્ષ

શ્રીમંતોનો સડો–લેખક : ઈશ્વર ઘોળકિયા ૦–૪
જયભારતી (કાવ્ય)–(શ્રી. 'શયદા'કૃત)
ભારતની ચડતી–પડતીનું દિગ્દર્શન ૦–૬

આરોગ્ય ને વૈદક

ચૂર્ણ–ઔષધિ–ઉપયોગી સો ચૂર્ણોની વિધિ ૦–૩
હરડે અને તેનો ઉપયોગ ૦–૬

કુલ રૂા. ૧૦–૯–૬

બધાં પુસ્તકો સાથે મંગાવનારે રૂા. ૧–૪–૦ ટપાલખર્ચના મોકલવા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

પુસ્તકાલય
ઓફિસ નં. ૫૦, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri
પુસ્તકાલય કાંગડી
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર) લે૦ : ઇંદ્ર વસાવડા
★ ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

૮. **ગૃહજીવનની કલા :** (સચિત્ર) લે૦ 'સમાજશાસ્ત્રી'
★ ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો

૯. **ગામડું બોલે છે :** (સચિત્ર) લે૦ શ્રી. ચુનીલાલ મડિયા
★ હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન

૧૦ **ગૃહજીવનનાં દશ્યો :** (સચિત્ર) લેખિકા : શ્રી. કુમુદ શેઠ
★ આપણાં ગૃહ–કુટુંબનાં સાચાં શબ્દચિત્રો

૧૧. **મારો ભારત દેશ :** (સચિત્ર) લે૦ કાન્તિલાલ પરીખ
★ ભારતવર્ષના સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય

૧૨. **આરોગ્યસાધના :** લે૦ હુંગરશી ધરમશી સંપટ
★ આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન

૧૩. **ભગવાનનાં છોરુ :** (સચિત્ર) લેખક : પુરાતન ભુચ
★ હરિજનોના જીવન–પ્રસંગોનો હૂબહૂ ચિતાર

૧૪. **સાહસકથાઓ :** લે૦ રમણિક અરાલવાળા
★ લોકકલ્યાણ અર્થે સાહસ કરનાર વીરોની કથાઓ

૧૫. **ગુજરાતના સેવકો :** લે૦ ચન્દ્રકાન્ત શાહ
★ ગુજરાતના ૪ મૂક સેવકોનાં જીવનચરિત્રો

૧૬. **પટલાઈના પેચ ભા. ૧ લો :** લે૦ ઈશ્વર પેટલીકર
★ સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત

૧૭. **પટલાઈના પેચ ભા. ૨ જો :** લે૦ ઈશ્વર પેટલીકર
★ સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત

૧૮. **ગીતહોરી અને બીજાં નાટકો :** લે૦ સુરેશ ગાંધી
★ તખ્તાલાયકીવાળાં પાંચ ગીત–નાટકોનો સંગ્રહ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦, **અમદાવાદ**
કાલબાદેવી, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૭૪ / ૧૯૪૨

છલ્લી અર્ધી સદીમાં મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ**–એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરી ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડાનંદે જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટી, સર્વ રીતે શુદ્ધ કરી, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેમની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરે-ઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંત પુરુષે 'कथयन्तो मां नित्यम्' એ ગીતા-સૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે અષ્ટ કાર્ય તેમની પાછળ ચાલુ રહે, તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે; અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા ભિક્ષુ અખંડાનંદનું સ્થાન ગુજરાતના ગૌરવમાં–હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ ને મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar